CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૨    સોમવાર તા.૨૪-૦૮-૨૦૨૬    અંક : ૨૦૦ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગિનીમાં કચરાનો મોટો પહાડ ધસી પડતાં ૩૦ના મોત

## સૌથી મોટા ઓપન-એર ડમ્પિંગ યાર્ડમાં કચરાનો મહાકાય પહાડ અચાનક ધસી પડ્યો, અનેક ઝૂંપડાં જમીનદોસ્ત



કોનાક્રી,


આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલા ગિની દેશમાંથી એક અત્યંત દર્દનાક હોનારત બની છે. રાજધાની કોનાક્રીમાં આવેલા શહેરના સૌથી મોટા ઓપન-એર ડમ્પિંગ યાર્ડમાં કચરાનો મહાકાય પહાડ અચાનક ધસી પડ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ દુર્ઘટનામાં ૩૦ જેટલા નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મલબા નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાની આશંકા વચ્ચે રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ રખાયું છે.

જાણવા મળ્યા મુજબ અત્યાર સુધીમાં ૩૦ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે અને ૬ થી વધુ લોકોની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે. કાટમાળ ખૂબ મોટો હોવાથી હજુ પણ કેટલાક લોકો નીચે દબાયેલા હોઈ શકે છે, જેથી મૃત્યુઆંક વધવાની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રશાસને લોકોને આ વિસ્તારથી દૂર રહેવા કડક સૂચના આપી છે.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યાં પ્રમાણે, રવિવારે અહીં જોરદાર ધોધમાર વરસાદ શરૂ થયો હતો. કોનાક્રીના 'દાર એસ સલામ' સ્થિત ડમ્પિંગ સાઈટ પર ટનબંધ કચરો એકત્રિત થયેલો હતો. સતત પડેલા વરસાદના કારણે કચરાની ટેકરી પોચી પડી ગઈ હતી અને જોતજોતામાં ભૂસ્ખલનની જેમ આખો ઢગલો નીચે તરફ સરકવા લાગ્યો હતો. કચરાનો આ મલબો નજીકમાં આવેલી કાચી ઝૂંપડપટ્ટી અને રહેણાંક મકાનો પર ફરી વળ્યો હતો, જેના કારણે લોકોને ભાગવાનો મોકો પણ મળ્યો નહોતો. આ દુર્ઘટના મામલે અધિકારીઓએ જણાવ્યું કે, આ ખુલ્લા કચરાના ડમ્પને રવિવારના રોજથી જ કાયમી ધોરણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ જોખમી વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોને પહેલેથી જ સ્થળ ખાલી કરવા નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ ઘણા પરિવારો સલામત સ્થળે ખસી ગયા હતા, પરંતુ કમનસીબે દુર્ઘટના બની ત્યારે પણ કેટલાક પરિવારો ત્યાં જ વસવાટ કરી રહ્યા હતા. દુર્ઘટના સ્થળે પહોંચેલા પ્રાદેશિક વહીવટ અને વિકેન્દ્રીકરણ પ્રધાને જણાવ્યું હતું કે, સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તેમણે ખાતરી આપી હતી કે, આ વિસ્તારમાં બાકી રહેલા તમામ પરિવારોને તાત્કાલિક ધોરણે સુરક્ષિત જગ્યાએ પુનઃવસન કરવામાં આવશે અને તેમના રહેવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

# જાપાનમાં ફરી ધરતી ધ્રુજી, તીવ્રતા ૫.૮

## અગાઉ ૭.૧ની તીવ્રતાના ભૂકંપે ભારે વિનાશ વેરેલો



ટોક્યો,

જાપાનમાં ફરી એકવાર ધરતી ધ્રુજી ઊઠી છે જેની માત્ર ૫.૮ હોવાનું જાણવા મળ્યું છે. માત્ર થોડા દિવસો પહેલાં જ ૭.૧ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપને પગલે આવેલા આ પ્રમાણમાં નવમાં ભૂકંપ છતાં ઉપરા ઉપરી થયેલા ભૂકંપોને લીધે લોકોમાં ગભરાહટ અને દહેશત પણ વ્યાપી રહ્યાં છે. આ ભૂકંપનું કેન્દ્ર ૭૮ કી.મી. જેટલું ઊંડું હતું તેમ જર્મન રીસર્ચ સેન્ટર ફોર જીયોસાયન્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

હજુ થોડાં સપ્તાહો પૂર્વે જ જાપાનના દક્ષિણના મુખ્ય દ્વિપ ક્યુશુના કુમામોટો ક્ષેત્રમાં એક ભયંકર ભૂકંપ આવ્યો હતો. તેની તીવ્રતા ૭.૧ હતી. તેમાં ૧૮ વ્યક્તિઓનાં મૃત્યુ થયા હતાં અને ૬૨થી વધુ ઘાયલોમાં છની સ્થિતિ અત્યંત ગંભીર હતી. પહેલાં તો માત્ર ૧૮ વ્યક્તિઓના મોટ અંગેજાણવા મળ્યું હતું પરંતુ પછીથી જેમ જેમ કાટમાળ દૂર કરાતો ગયો, તેમ તેમ બચાવ કર્મીઓને વધુ મૃતદેહો હાથ લાગ્યા હતા. તે ભૂકંપ દરમિયાન સૌથી વધુ નુકસાન તો મધ્ય કાશીમા સ્થિત એઓમ-મોલમાં થયું હતું. જોકે તે સમયે ત્યાં રહેલા આશરે ૩૦૦૦ ગ્રાહકોને અન્ય સ્થળોએ પહોંચાડવામાં આવ્યા હતા. મોલનો એક ભાગ તૂટી પડયો હતો તે પણ સર્વવિદિત છે.

# કેનેડા અમેરિકાની ઈંટનો જવાબ પથ્થરથી આપશે, ટેરિફ ઉપર 'ડોલર માટે ડોલર' યુદ્ધ શરૂ થશે


વોશિંગ્ટન,

અમેરિકા અને કેનેડા વચ્ચે ચાલી રહેલા વેપાર તણાવ ટેરિફ યુદ્ધમાં ફેરવાઈ રહ્યા હોય તેવું લાગે છે. અમેરિકાએ શનિવારની શરૂઆતમાં આશરે ૨૦ અબજ ડોલરના કેનેડિયન માલ પર ૫૦% ટેરિફ લાદ્યો હતો. તેના જવાબમાં, કેનેડાએ ૮ સપ્ટેમ્બરથી યુએસ માલ પર બદલો લેવાના ટેરિફની જાહેરાત કરી હતી. બંને દેશો વચ્ચેની વાતચીતનો છેલ્લો રાઉન્ડ કોઈ કરાર વિના સમાપ્ત થયો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા ટેરિફ યુએસમાં આયાત થતા તમામ કેનેડિયન માલના આશરે ૫% ને અસર કરશે. આમાં હોકી સ્ટીકથી લઈને મેડિકલ ટંગ-સ્વેબ્સ સુધીના ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ જણાવ્યું હતું કે નવા બદલો લેવાના ટેરિફ વિશે સંપૂર્ણ વિગતો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે. આ ટેરિફ ૮ સપ્ટેમ્બર, મંગળવાર, મજૂર દિવસ પછી અમલમાં આવશે. કાર્નેના જણાવ્યા અનુસાર, કેનેડા યુએસને ડોલર-બાય-ડોલરના ધોરણે જવાબ આપશે. આમાં સ્ટીલ, ડેરી ઉત્પાદનો, ઘરગથ્થુ ઉપકરણો, કૃષિ ઉપકરણો, પલ્પ અને કાગળ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા માલનો સમાવેશ થશે.

# ઈરાનમાં ૭.૫ ટ્રિલિયન ક્યુબિક ફીટ ગેસનો ભંડાર મળ્યો

## આ ભંડાર ઈરાનના ઊર્જા ભવિષ્ય માટેખૂબ જ મજબૂત પાયો બનશેઃ પેટ્રોલિયમ મંત્રી



કતાર,

ઈરાન અત્યારે યુદ્ધ અને અમેરિકા સાથે વિવાદમાં ઘેરાયેલો છે. ત્યારે આ દરમિયાન ઈરાનને એક મોટી સફળતા હાથ લાગી છે. ઈરાનના પેટ્રોલિયમ પ્રધાને દેશમાં હાઈડ્રોકાર્બનના નવા અને વિશાળ ભંડાર મળી આવ્યા હોવાની ઐતિહાસિક જાહેરાત કરી છે. તેમણે આ નવા મળેલા ગેસના ભંડારોને ઈરાનની ભવિષ્યની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે એક અત્યંત મહત્વની સંપત્તિ ગણાવી છે.

પ્રધાન પાકનેજાદે એક વિશેષ સમારોહ દરમિયાન આ જાહેરાત કરી હતી. આ ભંડાર વિશે આંકડાકીય માહિતી આપતા પ્રધાને પાકનેજાદે જણાવ્યું હતું કે દક્ષિણી ફાર્સ પ્રાંતમાં ૭.૫ ટ્રિલિયન ક્યુબિક ફીટથી પણ વધુ ગેસનો પ્રચંડ ભંડાર મળી આવ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ વિશાળ ભંડારમાંથી અંદાજે ૫.૭ ટ્રિલિયન ક્યુબિક ફીટ જેટલો ગેસ બહાર કાઢી શકાય તેવો પ્રાથમિક અંદાજ છે.

ઈરાન પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો અને તેના દબાણ વિશેના એક પ્રશ્નના જવાબમાં તેમણે અમેરિકા દ્વારા કરવામાં આવતી ગેરકાયદેસર નાકાબંધીની તમામ આશંકાઓને ફગાવી દીધી હતી. તેમણે વિશ્વાસ સાથે કહ્યું કે, મારી પાસે હાઈડ્રોકાર્બનના નવા ભંડાર મળવા અંગે દેશવાસીઓ માટે એક ખૂબ જ સારા સમાચાર છે.ખુશી વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, આ ભંડાર આપણા દેશના ઊર્જા ભવિષ્ય માટે એક ખૂબ જ મજબૂત પાયો બનશે.અમેરિકા અને પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા આ કડક પ્રતિબંધોએ ઈરાનની અર્થવ્યવસ્થાના મુખ્ય ક્ષેત્રો, જેમાં ખાસ કરીને તેના તેલ ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય બજારો સુધીની પહોંચને ગંભીર અસર પહોંચાડી છે. પરંતુ, આટલા મોટા આર્થિક દબાણ અને નાકાબંધી હોવા છતાં, ઈરાને પોતાના સ્થાનિક ઊર્જા સંસાધનોને વિકસાવવાના પ્રયાસો અકબંધ રાખ્યા છે.

# ન્યૂયોર્કમાં પિઝા ડિલિવરી કરવા ગયેલા ભારતીય યુવકની હત્યા

ન્યૂયોર્ક,

અમેરિકાનાં ન્યૂયોર્ક શહેરમાં પંજાબનાં કપૂરથલા જિલ્લાનાં રહેવાસી ગુરુદીપ સિંહની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. ૨૮ વર્ષીય ગુરુદ્વીપ ન્યૂયોર્કમાં પિઝા ડિલીવરીનું કાર્ય કરતો હતો. ઘટનાનાં સમયે તે પિઝા પહોંચાડવા નીકળ્યો હતો. આ દરમિયાન એક અજ્ઞાાત હથિયારબંદ વ્યકિતએ તેના પર ગોળી ચલાવી હતી.

ગુરદીપ ૧૩ વર્ષ પહેલા અમેરિકા ગયો હતો. તેણે વિદેશ જવા માટે મોટા પ્રમાણમાં લોન લીધી હતી. તેનું સ્વપ્ન વધુ સારી કમાણી કરવાનું હતું. તે પોતાના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવા માંગતો હતો.પરિવારનાં જણાવ્યા અનુસાર ગુરુદીપ ન્યૂયોર્કનાં રિચમંડ સ્ટ્રીટ વિસ્તામાં પિઝા ડિલિવરી કરી રહ્યો હતો. આ દરમિયાન લૂટનાં પ્રયત્ન દરમિયાન એક અજ્ઞાાત હથિયારધારી વ્યકિતએ તેને ગોળી મારી હતી.જો કે પોલીસની તપાસમાં ઘટનાનું સંપૂર્ણ કારણ સ્પષ્ટ થયું નથી. સીસીટીવી કેમેરામાં ઘટના પહેલા બે લોકો વચ્ચે ઝઘડો થતો જોવા મળે છે. ત્યારબાદ ગોળીબાર કરવામાં આવે છે. પોલીસ સવાર સુધી પુરાવા એકત્ર કર્યા હતાં.

# બ્રાઝિલે પણ ઈથેનોલમાંથી પેટ્રોલ બનાવતા દુનિયાભરમાં ખાંડની ભારે કટોકટી સર્જાઈ!

## 'અલ નીનો'ની અસરથી થાઈલેન્ડ જેવા અન્ય ઉત્પાદક દેશોમાં પણ ઉત્પાદન ઘટવાની આશંકા

બ્રાઝીલ,

વિશ્વમાં ખાંડની તીવ્ર અછત સર્જાતા ભાવ વધારાની ભીતિ છે. બ્રાઝિલમાં ક્રૂડ ઓઈલના ભાવ વધતા સરકારે ખેડૂતોને શેરડીમાંથી ઈથેનોલ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યા છે. પરિણામે, બ્રાઝિલમાં ખાંડનું ઉત્પાદન ૩% ઘટવાની શક્યતા છે, જે ૪.૩ કરોડ ટન જેટલું ઓછું થશે. 'અલ નીનો'ની અસરથી થાઈલેન્ડ જેવા અન્ય ઉત્પાદક દેશોમાં પણ ઉત્પાદન ઘટવાની આશંકા છે.

ભારતમાં તહેવારોની મોસમ શરૂ થવાની સાથે જ ખાંડના ભાવ વધવાથી લોકોની તહેવારોની મઝા કડવી થઈ ગઈ છે. જોકે, આ સ્થિતિ માત્ર ભારતમાં જ છે એવું નથી. આખી દુનિયામાં ખાંડની અછત સર્જાતા ખાંડની કટોકટી ઊભી થઈ છે અને ખાંડના ભાવ વધવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. દુનિયામાં ખાંડની અછત માટે બ્રાઝિલને જવાબદાર ગણાઈ રહ્યું છે. ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચતા બ્રાઝિલ પણ ઈથેનોલના ઉત્પાદન તરફ વળતા બ્રાઝિલમાં ખાંડનું ઉત્પાદન ઘટવાની આશંકા છે, જેની અસર દુનિયા પર પડી શકે છે.

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. હોર્મુઝ કટોકટીનો હજુ સુધી કોઈ અંત નહીં આવ્યો હોવાથી ફરી એક વખત ક્રૂડ ઓઈલના ભાવ વધવાની આશંકા છે. આથી બ્રાઝિલ સરકારે કેડૂતોને શેરડીના ખેડૂતોને ખાંડના બદલે ઈથેનોલના ઉત્પાદન તરફ વળવા પ્રોત્સાહિત કર્યા છે. બ્રાઝિલે જુલાઈના અંત સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણનો દર વધારીને ૩૨ ટકા કરી દીધો છે, જે એક મહિના પહેલા ૩૦ ટકા અને એક વર્ષ પહેલા ૨૭ ટકા હતો. અમેરિકન ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન એગ્રીકલ્ચર સર્વિસના ડેટા મુજબ દુનિયામાં શેરડીના કુલ ઉત્પાદનમાં બ્રાઝિલનો હિસ્સો ૨૪ ટકા અને ભારતનો ૧૬ ટકા છે. બ્રાઝિલમાં ઈથેનોલના ઉત્પાદન માટે શેરડીનો ઉપયોગ વધતા ખાંડનું ઉત્પાદન ત્રણ ટકા ઘટવાની શક્યતા છે એટલે કે ખાંડનું ઉત્પાદન લગભગ ૪.૩ કરોડ ટન ઘટવાનો અંદાજ છે તેમ બ્રાઝિલની નેશનલ સપ્લાય કંપની કોનાબના અહેવાલમાં જણાવાયું છે. ઈથેનોલની સાથે બ્રાઝિલમાં અલ નીનોના કારણે મધ્ય અને દક્ષિણ ભાગમાં વરસાદમાં વિલંબ અને તાપમાન વધવાના કારણે શેરડીની ઉપજ પર અસર પડી છે.

# અમરાવતીની મહિલા હોસ્પિટલમાં વેન્ટિલેટર બ્લાસ્ટથી આગ, ત્રણ નવજાત શિશુના મોત

## વોર્ડમાં ૩૯ નવજાત શિશુ હતા, ૩૬ને બચાવી લેવાયા જેને સુરક્ષિત સ્થળે ખસેડાયા



અમરાવતી,

મહારાષ્ટ્રના અમરાવતીમાં આજે સવારે મહિલા હોસ્પિટલના નવજાત શિશુ વોર્ડમાં ભીષણ આગ લાગવાથી ગભરાટ અને અરાજકતા ફેલાઈ ગઈ. આગમાં દાઝી જવાથી ત્રણ નવજાત શિશુઓના મોત થયાનું પ્રકાશમાં આવ્યું છે. સવારે ૩:૩૦ વાગ્યે વેન્ટિલેટરમાં અચાનક વિસ્ફોટ થવાથી આગ લાગી હતી. વોર્ડમાં ૩૯ નવજાત શિશુઓ હતા, જેમાંથી ૩૬ ને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે ત્રણના મોત થયા હતા.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, આ મહિલા હોસ્પિટલમાં ત્રીજા માળે આવેલા શિશુવોર્ડમાં આગ લાગી હતી. આ દરમિયાન હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરો, નર્સો અને સ્ટાફે નવજાત શિશુઓને સલામત સ્થળે ખસેડ્યા હતા. છ બાળકોને સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું સ્થાનિક સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે, જ્યારે અન્ય ખતરાથી બહાર છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, નવજાત શિશુ વોર્ડમાં વેન્ટિલેટરમાં બ્લાસ્ટ થતા આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જેમાં ત્રણ બાળકોના મોત થયાં છે. જો કે, બાકીના બાળકોને બચાવી લેવામાં હોસ્પિટલના સ્ટાફને સફળતા મળી છે. આ નવજાત બાળકોને અન્ય સુરક્ષિત જગ્યાએ ખસેડવી દેવામાં આવ્યાં છે. આમાંથી ૬ બાળકોની હાલત થોડી ગંભીર જણાતા તેમને સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલ સારવાર આપવા માટે ખસેડવામાં આવ્યાં હતાં. આ મામલે જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ અને આગને કાબૂમાં લેવાના પ્રયત્ન શરૂ કરી દેવામાં આવ્યાં હતાં.

# ભારતની મુલાકાતમાં કોઈ ઉતાવળ નહીં, તારિક રહેમાન અંગે બાંગ્લાદેશનો સંદેશ

## પહેલા રાષ્ટ્રીય હિત, પછી નવી દિલ્હીઃ બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી હુમાયુ કબીરે ઢાકામાં નિવેદન આપ્યું

નવીદિલ્હી,

બાંગ્લાદેશે કહ્યું છે કે વડા પ્રધાન તારિક રહેમાનની ભારત મુલાકાત અંગે કોઈ "ઉતાવળ" નથી અને ઢાકા નવી દિલ્હી સાથે સકારાત્મક સંબંધ ઈચ્છે છે, પરંતુ તેના રાષ્ટ્રીય હિતોથી સમાધાન કરશે નહીં. બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી હુમાયુ કબીરે શનિવારે ઢાકામાં આ નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રહેમાનની ભારત મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થયા પછી અને જરૂરી તૈયારીઓ પૂર્ણ થયા પછી જ થશે. દરમિયાન, શેખ હસીનાના પ્રત્યાર્પણનો મુદ્દો બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં મુખ્ય વિષય રહ્યો છે. પરિણામે, રહેમાનની સંભવિત ભારત મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધોમાં બરફ પીગળવા તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે.

કબીરની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વડા પ્રધાન તારિક રહેમાનની નવી દિલ્હી મુલાકાત અંગેની પરિસ્થિતિ અસ્પષ્ટ છે. ભારતે બાંગ્લાદેશી વડા પ્રધાનને ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ યોજાનારી આગામી બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું છે.

# મધદરિયે ફસાયેલી બોટમાંથી કોસ્ટ ગાર્ડે ૯ માછીમારોને ઉગાર્યા

## કર્ણાટકના દરિયાકાંઠેથી ૨૦ નોટિકલ માઈલ દૂર 'કારુણ્યમ' (IND-TN-15-MM-7971) નામની માછીમારી બોટનું એન્જિન અચાનક ખોટવાઈ ગયું હતું



બેંગલુરુ,

દરિયામાં અચાનક બોટનું એન્જિન બંધ થઈ જતાં દરિયા વચ્ચે ફસાઈ ગયેલા માછીમારોની વહારે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ આવ્યું હતું. કોસ્ટ ગાર્ડે સમુદ્રમાં ફસાયેલા માછીમારોને બચાવવા માટે એક સફળ અને ઝડપી ઓપરેશન પાર પાડ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, કર્ણાટકના દરિયાકાંઠેથી ૨૦ નોટિકલ માઈલ દૂર 'કારુણ્યમ' (દ્ગઙ-દ્ગ-૧૫-સ્સ-૭૯૭૧) નામની માછીમારી બોટનું એન્જિન અચાનક ખોટવાઈ ગયું હતું. આ બોટ દરિયામાં અટવાઈ ગઈ હોવાની જાણ થતાં જ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનું જહાજ ઝ-૪૪૮ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને ૨૨ ઓગસ્ટની રાત્રે એક સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

ખરાબ હવામાન અને તોફાની દરિયા વચ્ચે પણ તટરક્ષક દળની ટીમે ભારે જહેમત ઉઠાવીને આ ફસાયેલી બોટને શોધી કાઢી હતી. કોસ્ટ ગાર્ડના જવાનોએ બોટમાં સવાર તમામ ૯ ક્રૂ મેમ્બર્સનો આબાદ બચાવ કર્યો હતો અને તેઓને સુરક્ષિત રીતે મેંગ્લોરના જૂના બંદર ખાતે લાવવામાં આવ્યા હતા. આ સફળ બચાવ કામગીરીથી કોસ્ટ ગાર્ડે ફરી એકવાર દરિયામાં પ્રાણ જોખમમાં મુકાયેલા માછીમારોના જીવને બચાવી લીધા હતા. ઉલ્લેખનીય છે ગયા અઠવાડિયે નવસારીના કૃષ્ણપુરથી ઓખા બંદર તરફ જઈ રહેલી 'જય માલા' નામની ફિશિંગ બોટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા તે પાણીમાં ડૂબવા લાગી હતી. ધોલાઈ બંદરથી આશરે બે નોટિકલ માઈલ દૂર ફસાયેલી આ બોટમાં સવાર નવ જેટલા માછીમારોના પ્રાણ જોખમમાં મુકાયા હતા. આ અંગે કટોકટીનો સંદેશ મળતા જ દમણ કોસ્ટ ગાર્ડે તાત્કાલિક ધોરણે ત્વરિત બચાવ અભિયાન શરૂ કર્યું હતું.કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, દમણના પાયલોટ બલવિંદર સિંહે સમગ્ર ઘટનાની માહિતી આપતા જણાવ્યું હતું કે, બોટમાં ઘણા કલાકોથી પાણી ભરાઈ જવાના કારણે તે ડૂબી જવાની અણી પર હતી અને તેમાં સવાર તમામ ખલાસીઓનો જીવ જોખમમાં મુકાયો હતો. કટોકટીનો આ એલર્ટ મળતાની સાથે જ એર સ્ટેશન દ્વારા વિના વિલંબે ચેતક હેલિકોપ્ટરને રવાના કરવામાં આવ્યું હતું. કોસ્ટ ગાર્ડની સમયસૂચકતા અને સચોટ આયોજનને કારણે દરિયાના વચ્ચે ફસાયેલા તમામ નવ માછીમારોના જીવ બચાવી લેવામાં સફળતા મળી હતી.

CMYK CMYK

# ભારત સ્પેસ ટેકનોલોજીમાં વૈશ્વિક નેતૃત્વ તરફ અગ્રેસર

## ગુજરાત સાયન્સ, ટેકનોલોજી અને સ્પેસ ક્ષેત્રે દેશનું ગ્રોથ એન્જિન બનવા સજ્જ: કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા

અમદાવાદ,

ભારત સરકારના અંતરિક્ષ વિભાગ અંતર્ગત કાર્યરત ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC) દ્વારા 'ત્રીજા રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. "ટુવર્ડ્સ વિકસિત ભારતઃ ઈનોવેટિંગ, કોલેબોરેટિંગ એન્ડ એસ્પાયરિંગ ટુ ગ્લોબલ સ્પેસ લીડરશિપ"ની થીમ આધારિત આ કાર્યક્રમમાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા, તથા અંતરિક્ષ વિભાગના સચિવ અને ઈસરોના




ચેરમેન ડૉ. વી. નારાયણન ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે ભારતની સ્પેસ યાત્રા મર્યાદિત સાધનો અને સંસાધનો વચ્ચે શરૂ થઈ હતી, પરંતુ આપણા વૈજ્ઞાનિકો અને સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈનો સંકલ્પ અડગ હતો. ડૉ. સારાભાઈનું વિઝન માત્ર અંતરિક્ષમાં સિદ્ધિઓ હાંસલ કરવાનું નહોતું, પરંતુ સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ સામાન્ય નાગરિકના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે કરવાનો હતો.

તેમણે જણાવ્યું કે આજે સેટેલાઇટ ટેકનોલોજી કૃષિ, હવામાનની આગાહી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, માછીમારો માટે સંભવિત ફિશિંગ ઝોનની માહિતી, કનેક્ટિવિટી, શિક્ષણ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. સ્પેસ ટેકનોલોજી હવે માત્ર સંશોધન પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ લોકકેન્દ્રિત ગવર્નન્સ અને વિકાસ માટેનું મહત્વપૂર્ણ સાધન બની છે.

ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક પરંપરાનો ઉલ્લેખ કરતાં શ્રી શેખાવતે જણાવ્યું કે આર્યભટ્ટ, વરાહમિહિર અને ભાસ્કરાચાર્ય જેવા મહાન ભારતીય વિજ્ઞાનીઓએ ખગોળવિજ્ઞાન અને ગણિતના ક્ષેત્રે વૈશ્વિક જ્ઞાન પરંપરાને સમૃદ્ધ બનાવી હતી. તેમણે જણાવ્યું કે જિજ્ઞાસા જ જ્ઞાન, સંશોધન અને ઈનોવેશનની શરૂઆત છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને OCR જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ભારતની પ્રાચીન હસ્તપ્રતોને ડિજિટાઇઝ અને વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ માધ્યમથી ભારતની જ્ઞાન પરંપરા સમગ્ર વિશ્વ સુધી પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે.

ટેકનોલોજીના ભવિષ્ય અંગે તેમણે જણાવ્યું કે સ્પેસ ટેકનોલોજી, છૈં, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, રોબોટિક્સ, હ્યુમનોઇડ્સ અને સેમિકન્ડક્ટર્સ જેવી ટેકનોલોજીનું કન્વર્જન્સ આગામી સમયમાં વૈશ્વિક અર્થતંત્ર, માનવજીવન અને જીઓ-પોલિટિક્સની દિશા નક્કી કરશે.

# મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અંગે ભ્રામક પોસ્ટ કરવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કર્યો ગુનો દાખલ

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પવન ત્યાગી નામના આઈડી ધારક વિરુદ્ધ પોલીસની કાયદેસરની કાર્યવાહી

અમદાવાદ,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિરુદ્ધ ભ્રામક તેમજ વાંધાજનક પોસ્ટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (ટ્વિટર) પર મુકવા મામલે અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક્શન લીધી છે.

ખોટી ભ્રામક પોસ્ટ કરનાર વ્યક્તિએ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર "ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીને મુખ્યમંત્રી બનાવવામાં આવશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજ્યપાલ બનાવવામાં આવશે" તેવી ખોટી અફવા ફેલાવી બંધારણીય હોદ્દાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પી.એસ.આઈ. ડી.બી. કુમાવતની ફરિયાદના આધારે ભારતીય ન્યાય



સંહિતાની કલમ ૩૩૬(૪), ૩૫૩(૧), ૬૧(૨) તેમજ આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ઠ) હેઠળ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગરવી ગુજરાત ગ્લોબલ ન્યૂ જર્સી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ગુજરાતી ડાયસ્પોરાને સંબોધન

## મુખ્યમંત્રીએ વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનો રોડમેપ પ્રસ્તૂત કર્યો

અમદાવાદ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમેરિકા પ્રવાસના સાતમાં દિવસે 'ગરવી ગુજરાત ગ્લોબલ ન્યૂ જર્સી' કાર્યક્રમમાં ગુજરાતી ડાયસ્પોરાને રાજ્યની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા આહવાન કર્યું હતું. તેમજ યંગ ઝઈ મીટમાં યુવા ઉદ્યોગસાહસિકો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ સંવાદ કર્યો હતો.

ગુજરાતી ડાયસ્પોરા સમક્ષ ગુજરાતની વિકાસ ગાથા રજૂ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે સેવા દાયિત્વ




સંભાળ્યા બાદ થયેલી વિકાસયાત્રાએ આજે ગુજરાતને દેશના ગ્રોથ એન્જિન તરીકે સ્થાપિત કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જવાબદારી સંભાળી ત્યારે રાજ્ય સામે અનેક પડકારો હતા. વીજળી, પાણી, રસ્તા, દરિયાકાંઠાના વિસ્તારો સહિતની વિવિધ સમસ્યાઓમાંથી ગુજરાતને બહાર લાવી વિકાસની નવી દિશા આપવાનું કાર્ય થયું.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત આજે દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. દેશના કુલ વિસ્તારનો આશરે ૬ ટકા અને વસ્તીનો આશરે ૫ ટકા હિસ્સો ધરાવતું ગુજરાત દેશના ય્ઙ્ઘમાં ૮.૨ ટકા જેટલું યોગદાન આપે છે. રાજ્યના આ યોગદાનને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ ટકાથી વધુ પહોંચાડવાનું લક્ષ્ય છે.

# શ્રાવણ માસના બીજા સોમવારે નસવાડીની મહિલાઓએ યોજી અનોખી કાવડયાત્રા

## નર્મદા નદીના પવિત્ર જળથી ભગવાન ભોળાનાથને કરવામાં આવ્યો અભિષેક

નસવાડી,

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ નસવાડી ગામના મહાદેવ મંદિરે શિવભક્તોની લાંબી કતારો લાગી હતી. ભોળાનાથના દર્શન અને જળાભિષેક માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર નગર 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું.

પવિત્ર દિવસે નસવાડીની



મહિલાઓ દ્વારા એક વિશેષ અને અનોખી કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓ રતનપુરા નજીક આવેલી નર્મદા કેનાલે પહોંચી હતી અને ત્યાંથી કાવડમાં પવિત્ર જળ ભરીને પગપાળા યાત્રા રૂપે નસવાડીના શિવમંદિરે પહોંચી હતી. મંદિરે પહોંચીને કાવડમાં લાવેલા નર્મદાજીના પવિત્ર જળ વડે ભોલેનાથ પર જળાભિષેક કરવામાં આવ્યો હતો.

એક તરફ મંદિરોમાં વહેલી સવારથી જ પૂજા-અર્ચના અને દર્શન માટે લાઈનો લાગી હતી, તો બીજી તરફ શ્રદ્ધાળુઓએ કાવડયાત્રા યોજીને પોતાની અડગ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. શ્રાવણના બીજા સોમવારે ધાર્મિક કવાયતો અને દર્શન થકી સમગ્ર વિસ્તારમાં શિવમય વાતાવરણ સર્જાયું હતું. ભક્તોએ મહાદેવની આરતી કરી પરિવાર અને સમાજની સુખ-શાંતિ તથા સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# ગાંધીનગરમાં ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ કાર્યક્રમમાં શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલ અને ગ્રીન વેલી સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ મજેદાર પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો

ગાંધીનગર,

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે રવિવારે સવારે સ્વર્ણ જયંતિ પાર્ક ખાતે યોજાયેલા ૮૭મા 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' કાર્યક્રમમાં શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

'ઓમ લેન્ડમાર્ક સ્કૂલ' અને 'ગ્રીન વેલી સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં વિવિધ મજેદાર પ્રવૃત્તિઓનો આનંદ માણતા યાદગાર સમય વિતાવ્યો.

સાપ્તાહિક કાર્યક્રમની ૮૭મી આવૃત્તિની થીમ 'ઉન્નત ભારત અભિયાન' હતી.

આ કાર્યક્રમની શરૂઆત વોર્મ-અપ અને પી.ટી. (PT) સત્ર સાથે થઈ હતી, ત્યારબાદ ફિટનેસ ચેલેન્જ યોજાઈ હતી જેમાં અનેક વિદ્યાર્થીઓએ પુશ-અપ્સમાં એકબીજાથી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સ્પર્ધા કરી હતી.

ગ્રીન વેલી સ્કૂલ ફોર ચિલ્ડ્રનની ધોરણ ૪ની વિદ્યાર્થીની સાયન્તીએ 'તેરી મિટ્ટી મેં મિલ જાવાં' લોકપ્રિય ગીત પર નૃત્ય રજૂ કરીને કાર્યક્રમમાં



દેશભક્તિનો માહોલ ઉમેર્યો.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલના ધોરણ ૧૦ના વિદ્યાર્થી રાવલવીરે ગુજરાતી લોકગીત ગાઈને સૌને પ્રભાવિત કર્યા. ગ્રીન વેલી સ્કૂલના હર્ષિવે 'નાણાકીય બાબતોનો પાયાનો પરિચય' (Basic introduction to finance) વિષય પર વક્તવ્ય આપીને સહભાગીઓને નાણાકીય બાબતો વિશે માહિતગાર કર્યા.

# ભારતીય પેરા આર્ચર્સ ગાંધીનગર ખાતે વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ માટે તૈયારી શરુ

## ૨૯ સભ્યોની હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ માટે તાલીમ

ગાંધીનગર/અમદાવાદ,

૨૯ સભ્યોની ભારતીય પેરા આર્ચરી ટીમ હાલમાં ગાંધીનગર સ્થિત SAI, NCoE ખાતે આગામી 'અમદાવાદ ૨૦૨૬ હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ' માટે તાલીમ લઈ રહી છે.

તૈયારી શિબિર પૂર્ણ કર્યા બાદ, ભારતીય ટીમ 'અમદાવાદ ૨૦૨૬ હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ'માં ભાગ લેશે, જે ૫ થી ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે.

આ પ્રથમ વખત હશે જ્યારે ભારત 'વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ'નું આયોજન કરશે.

એપ્રિલ ૨૦૨૬માં થાઈલેન્ડના બેંગકોકમાં 'વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ'નો પ્રથમ તબક્કો (સ્ટેજ ૧) યોજાયો હતો, જેમાં ભારતીય તીરંદાજોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું (જેમાં પાયલ નાગ દ્વારા જીતવામાં આવેલા સુવર્ણ પદકનો પણ સમાવેશ થાય છે); જ્યારે બીજો તબક્કો (સ્ટેજ ૨) ૩૦ જૂનથી ૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ચેકિયામાં યોજાયો હતો. અમદાવાદમાં યોજાનારી

સ્પર્ધા ત્રીજો તબક્કો (સ્ટેજ ૩) હશે અને ચોથો તબક્કો (સ્ટેજ ૪) ઓક્ટોબર ૨૦૨૬માં ચિલીના સેન્ટિયાગોમાં રમાશે.

વર્લ્ડ પેરા સિરીઝમાં ચાર વિભાગોનો સમાવેશ થશે - રિકર્વ (Recurve), કમ્પાઉન્ડ (Compound), W1 અને VI.

# વડોદરાના બાપોદ પોલીસ સ્ટેશન હદમાં SMC નો દરોડો : ૪૦૦થી વધુ પેટી વિદેશી દારૂ ઝડપાયો

વડોદરા,

ભાવનગરમાં થયેલ નકલી દારૂકાંડ બાદ રાજય પોલીસ વડાના કડક આદેશથી સમગ્ર રાજયમાં પોલીસ ફરીવાર દારુ અને નશાના કાળા કારોબાર પર એકશનમાં આવી છે ત્યારે વડોદરાના શહેરના બાપોદ પોલીસ મથકની હદમાં આવેલ ખોડિયારનગર વિસ્તારમાં સફેદ વુડાના મકાન નજીકના એક ગોડાઉનમાં વિદેશી દારૂનું મોટું કટિંગ ચાલી રહ્યું હોવાની ગુપ્ત બાતમી ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને મળી હતી. બાતમીના આધારે એસએમસીની ટીમે સરપ્રાઈઝ રેડ પાડીને ગોડાઉનને બધી બાજુથી ઘેરી લીધું હતું.

એસએમસી ની ટીમના દરોડા દરમિયાન ગોડાઉનમાંથી અંદાજે



૪૦૦થી વધુ પેટી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. દારૂના આ મોટા જથ્થા સાથે પોલીસે સપ્લાય અને હેરફેર માટે વપરાયેલાં વાહનો પણ જપ્ત કર્યા છે. ૪ પેટીથી વધુ દારૂનો જથ્થો હોવાથી કાયદેસરનો ક્વોલિટી કેસ દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, જપ્ત કરાયેલો વિદેશી દારૂનો આ મોટો જથ્થો ગુજસીટોક (GCTOC) જેવા ગંભીર કેસમાં હાલ જામીન પર મુક્ત થયેલા વડોદરાના લિસ્ટેડ બુટલેગર નીલુ સિંધીનો હોવાનું સામે આવ્યું છે.

બાપોદ પોલીસ સ્ટેશનની હદમાં આટલી મોટી સંખ્યામાં દારૂનું ગોડાઉન ચાલી રહ્યું હતું અને કટિંગ થતું હતું, છતાં સ્થાનિક પોલીસ કેમ અજાણ રહી? SMC ના દરોડા બાદ સ્થાનિક પોલીસની પોલ ખુલ્લી પડી ગઈ છે. હવે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા બાપોદ પોલીસ મથકના PI અને PSI સામે શો-કોઝ નોટિસ કે સસ્પેન્શન સહિતના કેવાં પગલાં લેવામાં આવશે તેના પર સૌની નજર છે. SMC એ સમગ્ર કેસમાં સંકળાયેલા તમામ મુખ્ય સૂત્રધારો અને દારૂનો જથ્થો પહોંચાડનારા નેટવર્ક સામે તપાસ આગળ વધારવામાં આવી છે.

# બનાસકાંઠા : દેશી-વિદેશી દારૂના કુલ ૨૯૬ કેસ કરી રૂપિયા ૯,૫૩,૬૪૬ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

## ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ રાજ્ય પોલીસ વડાના આદેશથી બનાસકાંઠા પોલીસ એક્શનમાં

બનાસકાંઠા,

આ અઠવાડિયે ભાવનગરમાં થયેલ લઠ્ઠાકાંડના પ્રત્યાઘાતો સમગ્ર રાજ્યમાં જોવા મળ્યો છે જેમાં રાજ્યના પોલીસ વડાના કડક આદેશ ગુજરાત ભરમાં પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત ડી.જી.પી.ના આદેશ બાદ પ્રોહીબીશનની રાજવ્યાપી ડ્રાઈવના અનુસંધાને બનાસકાંઠા જીલ્લાના દેશી-વિદેશી દારૂની હેરાફેરી, વેચાણ, ઉત્પાદન કરતા કુખ્યાત બુટલેગરો સામે પોલીસે તવાઈ બોલાવી છે, અને અડ્ડાઓ ઉપર દરોડાઓ પાડી દેશી-વિદેશી દારૂના કુલ ૨૯૬ કેસ કરી રૂપિયા ૯,૫૩,૬૪૬ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.આમ બનાસકાંઠા જિલ્લામાં બે દિવસમાં કુલ ૨૯૮ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રાજય સરકારની દારૂબંધી પ્રત્યે જીરો ટોલરન્સ નીતિને લઈ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

બનાસકાંઠા રેન્જ અને જિલ્લા પોલીસ વડાની સૂચનાને પગલે પાલનપુર તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી છે, જે બાદ એલ.સી.બી.,પાલનપુર અને સ્થાનિક પોલીસ દ્વારા બનાસકાંઠા જીલ્લામાં ચોરી છુપીથી દારૂની હેરાફેરી, વેચાણ તેમજ ઉત્પાદન કરતા જિલ્લાના કુખ્યાત બુટલેગરો ઉપર ઓચીંતી રેડ કરી, કેસો શોધી કાઢી, તેમના સામે પ્રોહીબીશન કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવા આયોજન કરાયું હતું. જે આયોજન હેઠળ છેલ્લા બે દીવસમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા કુખ્યાત બુટલેગરો ઉપર રેડ કરી કુલ ૨૯૬ દેશી અને વિદેશી દારૂના ગુનાઓ શોધી કાઢી બુટલેગરો સામે કડક કાર્યવાહી કરાઈ છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા બનાસકાંઠા જિલ્લાની અલગ-અલગ ટીમો દ્વારા જિલ્લાના કુખ્યાત બુટલેગરો ઉપર ક્રોસ રેડ કરી દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર બંદ થાય તે રીતે અસરકારક કામગીરી શરૂ કરવામાં આવી છે.

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ પોલીસ એક્શન મોડમાં

મહત્વપૂર્ણ છે કે, ભાવનગર લઠ્ઠાકાંડમાં નવ લોકોના મોત થયા બાદ હવે ગુજરાત ભરમાં ગેરકાયદેસર દારૂના વેચાણ પ્રવૃત્તિઓ સામે પોલીસે કડકાઈ રાખવી છે, પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને દારૂ બનાવવાના સ્થળો ઉપર રેડ કરવામાં આવેલી છે અને બુટલેગરોને ઝડપી અને તેમના સામે પ્રોહીબિશન હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# Western DFC પર પહેલી ડબલ -સ્ટૈક લોન્ગ હોલ કન્ટેનર ટ્રેનનું સફળ નિરીક્ષણ

## મુંબઈના જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) થી વડોદરાના વર્નામા ખાતે CONCOR ના GCT ટર્મિનલ સુધી 360 TEUs (કન્ટેનર)નું પરિવહન કરવામાં આવ્યું

વડોદરા,

રેલવે વિભાગે વધુ એક નવી સિદ્ધિ હાંસલ કરી, ભારતીય રેલવે વિભાગના વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પર પોતાની પહેલી ડબલ સ્ટૈક લોન્ગ હોલ કન્ટેનર ટ્રેનના સફળ ઓપરેશનની સાથે એક મોટો માલ પરિવહન સીમાચિહ્ન હાંસલ કર્યો છે. ૧.૩ કિમી લાંબી આ ટ્રેનમાં મુંબઈના જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) થી વડોદરાના વર્નામા ખાતે CONCOR ના GCT ટર્મિનલ સુધી 360 TEUs (કન્ટેનર)નું પરિવહન કરવામાં આવ્યું હતું, જે લગભગ ૪૨૨ કિમીનું અંતર કાપ્યું હતુ.

આ ટ્રેન ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના સાંજે ૭ કલાકે JNPT થી રવાના થઈ હતી. આ ઓપરેશને વેસ્ટર્ન ડીએફસીની એક જ લોન્ગ હોલ મૂવમેન્ટમાં મોટી માત્રામાં કન્ટેનર વાળો માલ લઈ જવાની ક્ષમતાને દેખાડી છે.લોન્ગ હોલ ફોર્મેશનમાં બે ડબલ સ્ટૈક કન્ટેનર રેક સામેલ હતી. જેમણે મેળાવીને એક સિંગલ ટ્રેન મૂવમેન્ટ બનાવવામાં આવી હતી. દરેક રેકમાં ૪૫+૧ કન્ટેનર હતા. સૌથી આગળ વાળા રેક્રમાં ૧,૮૧૭ ટન માલ હતો. જ્યારે સૌથી પાછળ વાળા રેક્રમાં ૨,૧૦૫ ટન માલ હતો.

બંને રેક્ર મેળાવીને ૩૬૦ ્ઈજ ટ્રાન્સપોર્ટ કર્યા. જેનું કુલ વજન ૩,૯૨૨ ટન હતુ. આ ફોર્મેશને JNPTઅને વડોદરા ડિવીઝનમાં વરનામાં ટર્મિનલ વચ્ચે અંદાજે ૪૨૨ કિમીનું અંતર કાપ્યું હતુ. JNPTથી વડોદરા સુધી 360 TEUs મૂવ કર્યા છે.

રેલવે વિભાની આ કામગીરીથી એક લાંબા અંતરની મૂવમેન્ટમાં મોટી માત્રામાં કન્ટેનરવાળો માલ ટ્રાન્સપોર્ટ કરવામાં આવ્યો હતો. બે ડબલ-સ્ટેક રેકને જોડીને, ભારતીય રેલવેએ એક જ ટ્રેનમાં વધુ કન્ટેનર વહન કરવાની ક્ષમતા દર્શાવી, એક જ માલ માટે બહુવિધ અલગ-અલગ હિલચાલનો ઉપયોગ કરવાને બદલે. આ કામગીરી બંદરો અને આંતરિક ટર્મિનલ વચ્ચે કન્ટેનરાઇઝ્ડ કાર્ગોની હિલચાલને સરળ બનાવવા માટે સમર્પિત ફ્રેઈટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ભૂમિકાને પણ દર્શાવે છે.

# ધારી નજીક આવેલ આંબરડી સફારી પાર્કમાં રૂપિયા ૩.૬૨ કરોડના ખર્ચે 'લેઓપર્ડ મોટ કેવ' તૈયાર

## દીપડાઓને પાંજરા નહી, કુદરતી વાતાવરણમાં રાખવાની અનોખી વ્યવસ્થા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: ધારી ગીર પૂર્વ વન વિભાગ હેઠળના અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી સફારી પાર્ક ખાતે વન્યજીવોના સંરક્ષણ અને દીપડાઓને કુદરતી વાતાવરણ પૂરું પાડવાના હેતુથી 'લેપર્ડ મોટ કેજ' પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ પાછળ રૂ.૩.૬૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.





પ્રોજેક્ટનું લોકાર્પણ ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી સફારી પાર્ક, વન્યજીવ સંરક્ષણ તથા પ્રવાસનના દૃષ્ટિકોણથી મહત્વનું કેન્દ્ર બની રહ્યું છે. આ નવા પ્રોજેક્ટમાં દીપડાઓને પરંપરાગત પાંજરામાં રાખવાને બદલે તેમના માટે કુદરતી વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. દીપડાઓની સુરક્ષા સાથે પ્રવાસીઓને પણ વન્યજીવોને તેમના કુદરતી વર્તન સાથે નિહાળવાની તક મળે તે રીતે સમગ્ર વ્યવસ્થા વિકસાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટમાં હાલમાં કુલ ૯ દીપડાઓ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અને તે તમામ દીપડા નર હોવાનું જણાવાયું છે. દીપડાઓ માટે કુલ ૧૦ ફૂડ રૂમ બનાવવામાં આવ્યા છે. ઉપરાંત પીવાના પાણી માટે ૩ પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. દીપડાઓની દેખરેખ અને આરોગ્યની કાળજી માટે એક વેટરનરી ઓફિસર તથા એક લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત પ્રોજેક્ટની દૈનિક કામગીરી માટે ૩ મજૂરોની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ 'લેપર્ડ મોટ કેજ'ની સૌથી મહત્વની વિશેષતા એ છે કે, દીપડાઓને પાંજરાની જગ્યાએ કુદરતી વાતાવરણમાં રાખવા માટે મોટ એટલે કે ઊંડી ખાઈ આધારિત સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ વ્યવસ્થાના કારણે દીપડાઓને ખુલ્લા આકાશ નીચે પોતાની કુદરતી ગતિવિધિઓ કરવાની તક મળશે. સાથે જ આધુનિક સુરક્ષા વ્યવસ્થાથી પ્રવાસીઓ અને દીપડાઓ વચ્ચે સીધો સંપર્ક ન થાય તેની કાળજી લેવામાં આવશે.

દીપડાઓને નિયમિત રીતે યોગ્ય આહાર આપવામાં આવશે તેમજ તેમની સતત આરોગ્ય ચકાસણી કરવામાં આવશે. વેટરનરી ડોક્ટર અને લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટર દ્વારા દીપડાઓના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવશે. પીવાના પાણીની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

### ૯ દીપડાઓ માટે ૧૦ ફૂડ રૂમ, પાણીના ૩ પોઈન્ટ અને સતત આરોગ્ય ચકાસણી

આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ દીપડાઓના સંરક્ષણ સાથે લોકોમાં વન્યજીવો અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. પ્રવાસીઓને ખુલ્લા આકાશ નીચે દીપડાઓની કુદરતી ગતિવિધિઓ નિહાળવાની તક મળવાથી આંબરડી સફારી પાર્કનું પ્રવાસન મહત્વ વધુ વધશે.

પ્રોજેક્ટથી અમરેલી જિલ્લાના પ્રવાસન નકશામાં આંબરડીનું મહત્વ વધવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ ઊભી થશે. પ્રવાસીઓની સંખ્યા વધતા સ્થાનિક હોટેલ, રિસોર્ટ, વાહન વ્યવહાર અને અન્ય વ્યવસાયોને પણ આર્થિક લાભ મળવાની શક્યતા છે. આમ, 'લેપર્ડ મોટ કેજ' વન્યજીવ સંરક્ષણ, પ્રવાસન વિકાસ અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિ—ત્રણે ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ સાબિત થઈ શકે છે.

# ઊર્જા રાજ્ય મંત્રીના હસ્તે સાસણ ખાતે પોલીસ સ્ટેશનનું લોકાર્પણ

## આંતરરાષ્ટ્રીય પ્રવાસન કેન્દ્ર સાસણને મળી પોલીસ સ્ટેશનની સુવિધા

કૈલેશ ભટ્ટ ઉના :સાસણ તથા આસપાસના વિસ્તારના નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સાસણ ખાતે પોલીસ સ્ટેશનની ફાળવણી કરવામાં આવી છે. આ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ ઊર્જા રાજ્ય મંત્રી તથા જૂનાગઢ જિલ્લાના સહપ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.




સિંહ માટે વિશ્વ પ્રસિદ્ધ સાસણ આંતરરાષ્ટ્રીય પ્રવાસન કેન્દ્ર છે અહિં ખુબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ દેશ-વિદેશથી આવતા હોય છે ત્યારે સરકાર દ્વારા સાસણને પોલીસ સ્ટેશનની સુવિધા આપવામાં આવતા વિસ્તારના નાગરિકોને પોલીસ સેવાઓ વધુ નજીકથી અને ઝડપી મળી રહેશે. કાયદો અને વ્યવસ્થા જાળવવા, ગુનાખોરી પર નિયંત્રણ લાવવા તેમજ કોઈ પણ તાત્કાલિક પરિસ્થિતિમાં પોલીસ દ્વારા ઝડપી કામગીરી કરવામાં આ પોલીસ સ્ટેશન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ તકે ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, જૂનાગઢ રેન્જ આઈ.જી. રાજેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા તથા સાસણના સરપંચશ્રી, પોલીસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના નવા ચરખા ગામે બેન્ક ઓફ બરોડા દ્વારા કિસાન ચૌપાલ અને નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી બેન્ક ઓફ બરોડા મેઈન બ્રાન્ચ દ્વારા ધારી તાલુકાના નવા ચરખા ગામ ખાતે ગત તા. ૨૧ના રોજ સાંજે ૫:૩૦ કલાકે કિસાન ચૌપાલ તથા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૫૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ બેન્કિંગ સેવાઓ અને સરકારી યોજનાઓ અંગે માહિતી મેળવી હતી.



કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર રાજીવ યાદવ, લીડ બેન્ક તરફથી ફાઈનાન્શિયલ લિટરસી કોઓર્ડિનેટર પિયુષ સી. શાહ, સરપંચ કાંતિલાલ અંતાલા તેમજ એગ્રીકલ્ચર ઓફિસર મંથન સોલંકી, ઓફિસર જિગ્નેશ શાહ અને અતુલ રામાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ કિસાન ચૌપાલ દરમિયાન ખેડૂતોને બેન્ક ઓફ બરોડાની વિવિધ કૃષિ લોન અને બેન્કિંગ સુવિધાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને KCC, ટ્રેક્ટર લોન, એગ્રો ગોલ્ડ લોન તથા અન્ય કૃષિ સંબંધિત બેન્કિંગ પ્રોડક્ટ્સ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

નાણાકીય સાક્ષરતા સત્ર દરમિયાન ˆસ-જીમ્રૂ, ˆસ-ત્તત્તમ્રૂ સહિતની સરકારી યોજનાઓ, નાણાકીય જાગૃતિ તથા બેન્કિંગ સેવાઓના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, ખેડૂતોને સાયબર સુરક્ષા, ઓનલાઈન છેતરપિંડી અને નાણાકીય ફ્રોડથી બચવાના ઉપાયો વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને બેન્કિંગ સેવાઓ, કૃષિ ધિરાણ, સરકારી યોજનાઓ અને ડિજિટલ નાણાકીય સુરક્ષા અંગે જાગૃત કરવાનો હતો.

# અમરેલીના બાબાપુર ગામની દીકરીઓનો સુરત ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો:૪૨૫ જેટલી દીકરીઓએ જુની યાદો તાજી કરી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લામાં બહેનોમાં જયાં સાક્ષરતાનું સૌથી ઊંચું પ્રમાણ છે એવા બાબાપુર ગામની દીકરીઓ દ્વારા પણ સુરત મુકામે સખી સ્નેહ મિલન યોજાયું હતું. સ્વતંત્રતાના આ પાવનપર્વે ૪૨૫ જેટલી બહેનોએ મળીને માત્ર એક દિવસ પૂરતી જૂની યાદોને તાજી ન કરી પરંતુ હવેથી મળતા રહેવાની અને એક ગામ પરિવારની બહેનના નાતે એકબીજાના સુખ દુઃખમાં ભાગીદાર થતા રહેવાની શુભ શરૂઆત કરી.



બધી બહેનોએ સાથે મળીને માત્ર ભૂતકાળને વાગોળ્યો નહી પરંતુ એ સમયની દુકાનો, રમતો, ઉત્સવો ઉજવીને જાણે ભૂતકાળને જીવંત કર્યો. બધાએ તોફાનો કર્યા ખડખડાટ હસ્યા અને એ મસ્ત જીવનની યાદે આંખો પણ ભીની કરી. આ આયોજનને સફળ બનાવવા દક્ષાબેન રીબડિયા, મનીષાબેન રીબડિયા, શિલ્પાબેન ગોંડલિયા, નિમુબેન ધડુક અને સમિતિના સભ્યોએ અથાક મહેનત કરી. એકતાબેન અને રૂપલબેન ગોંડલિયાના ઉદબોધનમાં બધા ભાવવિભોર બન્યા.

આનંદ અને ગૌરવની વાત તો એ છે કે જે ક્ષેત્રમાં બહેનો અને તેમનો પરિવાર જ્યાં કાર્યરત હશે ત્યાંથી તે ગામને યથાશક્તિત મદદરૂપ થશે. અને હવે સૌ ગામડે મળશે એવા શુભ સંકલ્પ સાથે સે પિયરના અઢળક પ્રેમ સાથે છૂટા પડયા.

# સોમનાથ વિસ્તારમાં શિવપુત્ર ગણેશજીની મૂર્તિઓ બનાવવામાં વ્યસ્ત મૂર્તિકારો

કૈલેશ ભટ્ટ ઉના:વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ ભૂમિ વિસ્તારના પાદરે રિધ્ધી સિધ્ધિની કૃપા વરસે અને બે ટંકની આજીવીકા રળાય તે માટે પ્રભાસ-પાટણ વિસ્તારમાં આગામી ગણેશોત્સવ અંગે મૂર્તિકારો શિવપુત્ર ગણેશની મૂર્તિઓ બનાવવા દિવસ-રાત તનતોડ મહેનત છે.

સોમનાથના હિરણ નદી જૂના પૂલ પાસે, વેરાવળ રેયોન રોડ ઉપર અને બાયપાસ પાસે એમ કુલ ૪૦ થી ૫૦ દંગાઓમાં પરિવારો આ કલા કરી રહ્યાં છે.આવા જ એક દંગાના માલિક માંગરોળના લખમણ સોલંકી કહે છે , અમોએ બનાવવાનું શરૂ કરી દીધેલ છે. જેની કિંમત રૂા. ૩૫૧ થી ૫૦૦૦



સામાન્ય રીતે બે દિવસ લાગે તેના ઉપર પેઈન્ટીગ કલા લગાવાય અને અલંકારો માટે ગોલ્ડન કલરનો પાણી કલર વાપરવામાં આવે છે. આ મૂર્તિ બનાવવામાં વપરાતા મુખ્ય કલરોમાં કેસરી, પીળો, ગુલાબી, વ્હાઈટ, બ્લેક, બ્લુ, કોફી કલર, હાલ ગણેજીની શ્વેત મૂર્તિઓ તૈયાર છે અને સાતમ આઠમ પછી તેના ઉપર કલર કામ કરાશે. જેથી ગણપતિ મૂર્તિનો ઝગમગાટ તહેવાર સમયે જળવાઈ રહે. અહી લોકો એક મહિના અગાઉ પોતાના ઓર્ડર નોંધાવનારા પણ હોય છે અને જયારે ભાદરવા સુદ ત્રીજ કે ચોથો અમારા દંગા કે સમાંથી આ મૂર્તિલિંજાય ત્યારે સનાળીયેર વધારે અને અગરબતી-તેઓ અહી જ મૂર્તિને હાર ચઢાવે, ધૂપ કરે અને અહી જે પાટલા ઉપર મૂર્તિ બિરાજમાન હોય તે પાટલા ઉપર યથાશકિત દક્ષિણા મુકી ધન્યતા અનુભવે છે.

# અમરેલીમાં પૂર્વ સૈનિક તથા દિવંગત સૈનિકોના આશ્રિતોનું સંમેલન યોજાશે

અમરેલી:અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો-દિવંગત-સૈનિકોના ધર્મપત્નીઓ તથા તેમના આશ્રિતોનું સંમેલન જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને આગામી તા.૦૪ ઓક્ટોબરે યોજાશે. આ સંમેલન સવારે ૧૦.૩૦ કલાકથી ૧૪.૦૦ કલાક સુધી બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર, પોલીસ લાઈનની પાસે ગાંધીબાગ પાછળ, અમરેલી મુકામે યોજાશે તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી રાજકોટ એ એક યાદીમાં જણાવ્યું છે.

# ખેતી પેદાશમાં જંતુનાશકની માત્રા જાળવવી આવશ્યક, વધુ પડતું પ્રમાણ આરોગ્ય માટે હાનિકારક

## કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં રોગ-જીવાત માટે દવાની માર્ગદર્શિકા જારી

અમરેલી: કૃષિ પેદાશમાં વપરાતા જંતુનાશકની માત્રા અને તેનું પ્રમાણ જળવાઈ રહે તે જરૂરી છે. વધુ પડતા જંતુનાશક લોકોના આરોગ્ય માટે હાનિકારક હોવાથી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂત તેમજ વપરાશકર્તા માટે જંતુનાશકોના અવશેષો નિવારવા જરૂરી પગલાં અંગે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જે મુજબ, જે જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતીકરણની પ્રક્રિયાથી શરીરમાં જમા થાય છે. તેના ઉપયોગ પર સરકાર તરફથી પ્રતિબંધ મૂકવામાં આવે છે અથવા તો તેને નિયંત્રિત વપરાશ હેઠળ મૂકવામાં આવે છે. આવા જંતુનાશકોનો વપરાશ બિલકુલ કરવો જોઈએ નહિ.

પાક સંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા દ્વારા જે તે પાક ઉપર જે તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લેવામાં આવેલ અખતરાઓના પરિણામો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ ભલામણ કરેલ માત્રાનું ચુસ્તપણેપાલન કરવું જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતો છંટકાવ જીવાતમાં પ્રતિકારકતા કેળવતું હોઇ ખેડૂતોને વધારે પ્રમાણનો ઉપયોગ કરવાની કરજ પડે છે, જે આર્થિક રીતે નુકસાનકારક છે, સાથેસાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે. ખેતીપાકો, શાકભાજી, ફળપાકો, મસાલા પાકોમાં યુનિવર્સીટીની ભલામણ મુજબ જ જે તે પાકોના જે તે રોગ-જીવાત માટે જે દવાની ભલામણ કરેલ છે તેનો જ ઉપયોગ કરવો તથા સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા.

શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ. કારણ કે શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળી સપાટીવાળા શાકભાજીમાં વધુ હોય છે જયારે શોષક (સીસ્ટેમીક) પ્રકારની જંતુનાશકો કરતાં સ્પર્શક (કોન્ટેકટ) જંતુનાશકોમાં વધુ હોય છે. શાકભાજી ધોવા માટે સોડીયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા)નો પણ ઉપયોગ કરી શકાય.



શાકભાજી, ફળ ફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા (એમ.આર.એલ)

**શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ,જેમાં સોડિયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા)નો પણ ઉપયોગ કરી શકાય**

કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈજેશન (એફ.એ.ઓ.) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશન (ડબલ્યુ. એચ.ઓ.) દ્વારા નક્કી કરવામાં આવે છે કે અવશેષોની માત્રા એમ.આર.એલ. કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો નક્કી કરવામાં આવે છે. જેને વેઈટીંગ પીરીયડ કહે છે. આ વેઈટીંગ પીરીયડ પહેલાં ખેતપેદાશો ઉતારવા કે વીણી કરવી નહિ. શકય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણો જેવા કે એમામેક્ટિન બન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણોનો ઉપયોગ કરવો.

સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો હળવા કરી શકાય છે. દા.ત. ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી, જમીન તપવાથી કોશેટા, જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે. જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિયુકત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી., પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ, ફળમાખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજરપાક, કીટકભક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી-ખડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે જેનાથી કૃષિપેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે.જે તે પાક પર યોગ્ય જંતુનાશકનો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્રા ઓળંગ્યા બાદ જ કરવો.

ઘરમાં મચ્છર, માખી, વંદા, ઊધઈ, ઉંદર વગેરેના નિયંત્રણ માટે જંતુનાશકો વાપરતી વેળા યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જંતુનાશકો અનાજ, પાણી, લોટ વગેરેમાં ભળી જાય છે અને તેના અવશેષો આપણા શરીરમાં પ્રવેશે છે. ઘરગથ્થુ જીવાતોનું નિયંત્રણ કરતી વખતે જંતુનાશકો છોટયા પહેલાં પાણીના વાસણો, અનાજના પીપ, અનાજની ગુણો વગેરે કાપડ અથવા પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જોઈએ. મકાનમાં ઊધઈ નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસનો ઉપયોગ થાય છે પરંતુ આનુ વિઘટન જલદીથી થતું નથી. હાલમાં નિયોનીકોટીનોઈડ જૂથની ઈમીડાકલોપ્રીડ કીટકનાશક ઊધઈ નિયંત્રણ માટે અસરકારક અને દૂર્ગંધ વગરની છે. અને અવશેષોના પ્રશ્ન ઓછા આવે છે.અનાજમાં ભેજ વધુ હોય તો સૂર્ય પ્રકાશમાં અનાજ સુકવ્યા પછી જ તેના સંગ્રહ માટે હવાચૂસ્ત પીપનો ઉપયોગ કરવો કે જેથી કીટકો તેમાં પ્રવેશી શકે નહિ. આ ઉપરાંત ઘઉં જેવા અનાજને દિવેલનો પટ આપીને સંગ્રહ કરવામાં આવે તો કીટકોનો ઉપદ્રવ ઓછો કરી શકાય છે. બાજરી જેવા અનાજમાં રાખ અથવા લીમડાના પાન ભેળવવામાં આવે છે. આ બધી કાળજી રાખવા છતાં જો કીટકો પડે તો ધૂમકરનો ઉપયોગ કરવાથી તેના અવશેષો અનાજમાં આવશે નહિ.

શાકભાજીના પાકોમાં વીણી કર્યા પછી જ જંતુનાશકોનો છંટકાવ કરવો તથા ફળ પાકતી અવસ્થાએ જંતુનાશકોનો વપરાશ ટાળવાથી ઉપભોક્તા માટે જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો નિવારી શકાય છે.

એકના એક જંતુનાશકોનો વારંવાર ઉપયોગ ન કરતાં જુદા જુદા જંતુનાશકોનો ઉપયોગ કરવો તથા એક જ જૂથના જંતુનાશકોનો ત્રણ થી વધારે છંટકાવ કરવો નહિ. આમ કરવાથી જીવાતોમાં જે તે જંતુનાશકો સામે પ્રતિકારક શકિત પેદા થશે નહિ તેના કારણે જંતુનાશકોનું પ્રમાણ વધારવાની જરૂર નહિ પડે અને અવશેષોના પ્રશ્નો ઘટશે.વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે. વધુ જાણકારી માટે સ્થાનિક ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## અમેરિકા ભારત પાસેથી ચૂંટણીનો બોધપાઠ શીખે છે

ભારતની ચૂંટણી વ્યવસ્થાને લઈને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની ટિપ્પણીએ બે દેશોની લોકશાહી વ્યવસ્થાઓ વચ્ચે સરખામણીનો નવો મુદ્દો ઊભો કર્યો છે. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ભારતમાં કરોડો લોકો મતદાન કરે છે અને મતદારોની ઓળખ માટે ફોટો આઈડીની વ્યવસ્થા છે. તેમણે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે થયેલી વાતચીતનો સંદર્ભ આપીને અમેરિકામાં પણ મતદાર ઓળખ અંગે કડક નિયમોની જરૂરિયાત હોવાનું જણાવ્યું છે.આ ઘટનાનું એક પાસું ભારત માટે ચોક્કસપણે ગૌરવનું છે. દુનિયાના સૌથી મોટા લોકતાંત્રિક દેશમાં એકસાથે કરોડો લોકોને ચૂંટણી પ્રક્રિયામાં સામેલ કરવી કોઈ સામાન્ય કામગીરી નથી. મતદાર યાદી તૈયાર કરવાથી માંડીને મતદાન મથકની વ્યવસ્થા, મતદારની ઓળખ, સુરક્ષા, મતદાનની પ્રક્રિયા અને અંતે પરિણામ જાહેર કરવા સુધીની આખી ચૂંટણી વ્યવસ્થા અત્યંત વિશાળ છે. આટલી મોટી વસ્તી અને વિવિધતા ધરાવતા દેશમાં ચૂંટણીનું સંચાલન કરવું વિશ્વના કોઈ પણ દેશ માટે મોટો વહીવટી પડકાર બની શકે.

ભારતીય ચૂંટણી વ્યવસ્થાની એક ખાસિયત મતદારની ઓળખની વ્યવસ્થા છે. EPIC એટલે કે Electros Photo Identity Card દેશના મતદારો માટે મુખ્ય ઓળખપત્ર છે. જોકે અહીં એક ગેરસમજ દૂર કરવી જરૂરી છે. ભારતમાં મત આપવા માટે માત્ર EPIC જ એકમાત્ર સ્વીકાર્ય ઓળખપત્ર નથી. ચૂંટણી પંચે અન્ય ફોટો ઓળખપત્રોને પણ માન્યતા આપી છે. આધાર કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ, PAN કાર્ડ, કેટલાક સરકારી ઓળખપત્રો અને અન્ય નિર્ધારિત દસ્તાવેજો દ્વારા પણ મતદારની ઓળખ થઈ શકે છે. સૌથી અગત્યની શરત એ છે કે મતદારનું નામ મતદાર યાદીમાં હોવું જોઈએ.

આ વ્યવસ્થા પાછળનો મુખ્ય હેતુ મતદારની ઓળખ નિશ્ચિત કરવાનો અને ખોટી વ્યક્તિ દ્વારા મતદાન અટકાવવાનો છે. લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય સમાન છે. તેથી કોઈ એક વ્યક્તિના નામે બીજી વ્યક્તિ મતદાન ન કરે અને સાચો મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવું અત્યંત જરૂરી છે. ચૂંટણી પંચે પણ મતદાર ઓળખને ચૂંટણી પ્રક્રિયાનો મહત્વનો ભાગ બનાવ્યો છે અને EPIC ઉપરાંત નિર્ધારિત વૈકલ્પિક ફોટો આઈડીની વ્યવસ્થા કરી છે.ટ્રમ્પે ભારતની વ્યવસ્થાનો ઉલ્લેખ પોતાના દેશમાં ચૂંટણી કાયદાને કડક બનાવવાના રાજકીય પ્રયાસના સંદર્ભમાં કર્યો છે. તેઓ SAVE America Actને આગળ વધારવા માટે મતદાર ઓળખ અને નાગરિકત્વની ચકાસણીને મહત્વ આપી રહ્યા છે. એટલે ભારતની પ્રશંસા પાછળ અમેરિકાની સ્થાનિક રાજનીતિ પણ જોડાયેલી છે. તેમ છતાં, કોઈ પણ વિદેશી નેતા ભારતની ચૂંટણી વ્યવસ્થાને ઉદાહરણ તરીકે રજૂ કરે તે ભારત માટે નોંધપાત્ર બાબત છે.

# ભાષા અભિવ્યક્તિથી વિશેષ અનુભૂતિનું માધ્યમ બને છે

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે ભારતના પ્રાથમિક શિક્ષણને અનુકૂળ રીતે ઢાળવા વર્ષ ૧૮૩૫માં થોમસ મેકોલેને નિમંત્રણ આપ્યું અંગ્રેજ ઈતિહાસકાર ભારત પરિભ્રમણ પછી નોંધે છે 'ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા અને સંસ્કૃતિને બદલી નાખો, જો હિંદીઓ સ્વીકારશે કે અંગ્રેજી તેઓની ભાષા કરતા વધુ મહાન છે તો આપોઆપ તેઓ પોતાનું આત્મસન્માન અને સાંસ્કૃતિક આધાર ગુમાવશે. આપણે સહેલાઈથી તેમના ઉપર રાજ કરી શકીશું.' મેકોલેનો દૃષ્ટિકોણ અંગ્રેજ શાસન માટે બીજા ૧૧૫ વર્ષ સુધી અનુકૂલન સાધતો રહ્યો. જો કે તેથી પણ વધુ દયનીય સ્થિતિ એ રહી કે સ્વાતંત્ર્યકાળના ૭૫ વર્ષ સુધી દેશ મેકોલેની રાજકીય કૂટનીતિનો શિકાર બનતું રહ્યું. ખેર.. વર્ષ ૨૦૨૦થી અમલમાં આવતી નવી શિક્ષણ નીતિમાં ધોરણ ૧ થી ૫ માટે માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષાનો ઉપયોગ અનિવાર્ય બનાવાયો છે. ત્યારે કહી શકાય દેર આયે દુરસ્ત આયે..

માતૃભાષામાં શિક્ષણની અગત્યતતા સમજવાનો એક આયામ સફળ વ્યક્તિત્વના અભિપ્રાયો જાણવાનો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના મતે 'બાળકના દેહના વિકાસ માટે જેમ માતાનું દૂધ સ્વાભાવિક છે તેમ તેના મગજના વિકાસ માટે માતૃભાષા સહજ છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર કાવ્યથી અભિવ્યક્ત થતાં ગાય છે, 'કેળવણી આહારના કોળિયાનો સ્વાદ માતૃભાષા જ હોય' ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામે યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કહ્યું કે, 'હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું. તેનું કારણ એ છે કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું. વિજ્ઞાન તો માતૃભાષામાં જ સમજી શકાય' ભારતની શિક્ષણ નીતિમાં સિમાચિહ્ન પ્રદાન કરનાર ગુજરાતી શિક્ષણવિદ્ શ્રી રવીન્દ્રભાઈ દવે નોંધે છે, 'માતૃભાષાથી જ બાળકમાં ભાવ સૃષ્ટિનું નિર્માણ શક્ય છે' માતૃભાષાની અનિવાર્યતાને બીજા એક દૃષ્ટિબિંદુથી માપીયે તો, પૃથ્વી ઉપર મળતાં ફોસિલ્સના અભ્યાસ પરથી જણાય છે કે સાપ, ગરોળી, વંદા પ્રકારના ૪ કરોડ વર્ષથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. દરિયાઈ એકકોષી અંશો તો તેથી પણ વધુ સમયથી પૃથ્વીના જીવન વિકાસચક્રના ભાગીદાર રહ્યા છે. જ્યારે બે પગે, સીધી કરોડરજ્જુથી ચાલતા માણસનો ઈતિહાસ ૨૫-૨૮ લાખ વર્ષથી લાંબો નથી. આમ છતાં બ્રહ્માંડ ની પેલે પાર મેગ્નેટિક સિગ્નલ્સ પહોંચાડવાની અદ્ભુતપૂર્વ ક્ષમતા માત્ર મનુષ્યનાં મસ્તિષ્ક દ્વારા વિકસી છે માનવ મસ્તિષ્ક પૃથ્વી ઉપર કુદરતનો સૌથી જટીલ આવિષ્કાર છે. જેનેટિક્સ એન્જિનિયરિંગના રંગસૂત્રો ઉપરના સંશોધનો પ્રતિપાદિત કરે છે કે માણસ અને ચિમ્પાન્ઝીના જીન્સના કલરકોર્ડમાં ૯૯% સામ્ય છે. આમ છતાં, વિકસીત વોકલ કોર્ડના કારણે મનુષ્ય સંજ્ઞાઓના વૈવિધ્યમાંથી ભાષા સુધી પહોંચી શક્યા છે અને આજે લગભગ ૬૫૦૦ બોલી અને ૩૫૦થી વધુ સ્ક્રિપ્ટથી માનવમસ્તિષ્ક સૂર્યમંડળમાં પોતાની ઓળખ દર્શાવી રહ્યું છે. માનવશરીરના ઉપરના ભાગે રહેલ સ્વરપેટીના આરોહ-અવરોહ કાન દ્વારા મગજને પહોંચે છે. ત્યારે તે ભાષા ન રહેતા કંપનમાં પરિવર્તિત થાય છે. બાળકના પ્રથમ ૯ માસના વિકાસ દરમિયાન તેણે માતાના ગર્ભમાં અનુભવેલ કંપન તેની માતૃભાષા બને છે. સમય જતાં એ જ પ્રકારના સ્પંદનોના અર્થઘટનથી બાળકનું ઘડતર થાય છે. તેના સ્વપ્નો આકાર પામે છે. એટલું જ નહીં, પણ સમાન સ્વરથી કંપન આપનાર મનુષ્યો સાથે ભાવાત્મક અનુબંધ કેળવાય છે. કોસ્મિક ફિઝિક્સ પણ સ્વીકારે છે કે 'બ્રહ્માંડ કંપનથી સંચાલિત છે અને પ્રત્યેક કંપનની એક સાઉન્ડ સાઈકલ હોય છે' ભારતનાં મનિષિઓએ તો ઉપનિષદકાળમાં ૮ હજાર વર્ષ પહેલાં વૈરાગ્યમંત્રને નાદ તરીકે વિકસાવેલા. આથી જ તો મૌન પછીની શ્રેષ્ઠ અભિવ્યક્તિ માતૃભાષા બને છે. એટલું જ નહીં પણ પરિચિત સ્પંદન મળતા માનવ મસ્તિષ્કના ન્યુરોન્સ ઉષ્માજનક પ્રતિક્રિયા આપવા લાગે છે. એક પ્રસંગથી આ વાત સમજીએતો કોરોના મહામારીની સ્થિતિ વચ્ચે છેલ્લા ૮ માસથી ઓસ્ટ્રેલિયામાં ફસાયેલા યુવા એન્જિનિયર દરીયા ખાડીનાં ગામડાંમાં તેની દાદી પાસે પહોંચતા છાણ-વાસીદુ પરવારી ઢોરા પાઈ બેઠેલી ચારણમાં પ્રેમ સભર નેત્રજળે ડેલીમાંથી આવતાં દીકરાને કહે છે, 'આવ્યો.. મારો બાપલિયો પુગ્યો. મારો કાળિયો ઠાકર.' ફળિયામાં સત્કાર કરવા ઊભેલા સહુની આંખો છલકાઈ ગઈ અહીં વાચક કલ્પના કરે કે ઘરડી માને પોતાના વ્હાલસોયા દીકરાને અંગ્રેજી ભાષામાં આવકાર આપવાનો હોત તો? માતૃભાષાની અનિવાર્યતાનો ત્રીજો આયામ ભાષાની ગૌરવગાથા સાથે જોડાયેલ છે. અ.ઓ અને મ ના વિસ્તાર તરીકે સંસ્કૃતમાંથી વિકસેલ પ્રાકૃત ગુર્જરી અને તેમાંથી આજે લખાતી ગુજરાતી ભાષાનો ઉપયોગ વર્ષ ૧૫૨૦માં કવિ ભાલણે નળાખ્યાનમાં કર્યો હતો. કવિ ભાલણથી કવિ ઉમાશંકર સુધીની ૬૫૦ વર્ષની યાત્રા એટલી બધી પ્રશસ્ય રહી કે, આજે વિશ્વના ૧૨૯ દેશોમાં વસતા ૬.૫૫ કરોડ લોકો ગુજરાતીપણાને ભાષાના તાંતણે બાંધી વિકસી રહ્યા છે. આપણી ભાષામાં પ્રકાશિત કરોડો ગ્રંથો, કાવ્યો, નાટકો, વાર્તાઓ, નવલકથાઓએ ગુજરાતીઓને બુદ્ધિવાન, ધનવાન, નિર્ણયાત્મક, મુત્સદ્દી અને મુઠ્ઠી ઉંચેરા સ્થાને મૂક્યા છે અને આથી જ કોઈ પેઢીને પોતાની માતૃભાષાને છેહ દેવાનું પાપ ન પોસાય.યંત્ર તરીકે મનુષ્યદેહને શ્રેષ્ઠતમ સંભાવનાઓ સુધી પહોંચાડવા માટેના કેલિફોર્નિયાની રોચેસ્ટર યુનિવર્સિટીના ન્યુરો સાયન્સ અભ્યાસમાં જણવાયું છે કે માનવમસ્તિષ્કને ૨૫૦૦૦ શબ્દોને ચિત્રોમાં સ્થાયી કરવા માટે ૧.૫ મેગાબાઈટ મેમરીની આવશ્યકતા રહે છે. પરંતુ આજે ૨૫૦૦૦ માતૃભાષી શબ્દોને સ્મૃતિગત કરવા માટે .૭૫ મેગાબાઈટથી પણ ઓછી જગ્યા રોકાય છે. અહી માનવ મસ્તિષ્કમાં સેવ થતાં ડેટા અને ન્યારોન્સનાં ઈલેક્ટ્રો-મેગ્નેટિક ફિલ્ડની બાયોટેકનિક પણ સ્પષ્ટ કરે છે કે માતૃભાષા જ ઉત્તમ રીતે માણસજાતનો વિકાસ કરી શકે છે. વ્યક્તિથી સમાજ કે નાદથી ગૌરવવંત ઈતિહાસ સુધીની પરિપાટી ઉપર માતૃભાષા જ વૈજ્ઞાનિક અને તાર્કિક અભિગમ વચ્ચે ખરી ઉતરે છે. ત્યારે લાભ-હાનિનો હિસાબ જાણનાર ગુજરાતી પોતાના સંતાનોને અંગ્રેજી માધ્યમના શિક્ષણ કૂટનીતિમાં ન હોમી દે તેવી માતૃભાષીની અભ્યર્થના. મહાભારત અને રામાયણકાળથી પ્રચલિત સમાજ સુધારણાનો ઉપદેશાત્મક વિકલ્પ હવે જીર્ણ થઈ ગયો છે. ત્યારે તકનિકિ વિજ્ઞાનના સહારે મોબાઈલમાં જ ટ્રાન્સલેશન એપ ભાષાની પ્રચલિત કરી તમામ વિદ્યાર્થીઓને માતૃભાષી રાખી શકાય તેવી સંભાવના હાથવગી થઈ છે. શાળા-મહાશાળાઓ શિક્ષણના માધ્યમ તરીકે ભાષાનો મુક્ત વિકલ્પ સ્વીકારે. શિક્ષણ વિભાગ પણ શિક્ષણ સંસ્થાઓની પ્રયોગશીલતાને મોકળાશથી વિકસવા દે અને નાગરિકો પણ અંગ્રેજી ભાષાના મોહમાંથી મુક્ત થવા માનસિકતા કેળવી તકનીકી વિકલ્પને પસંદ કરે તેવી શુભ ભાવના.

# સ્વાસ્થ્ય અને સુંદરતા માટે લાભદાયી કેળા

વિશેષ

કેળામાં રહેલા ગુણોને કારણે તેને સુપર ફૂડની કેટેગરીમાં માનવામાં આવે છે. તેમાં રહેલા પોષક તત્વો સ્વાસ્થય તેમજ સુંદરતા માટે ફાયદાકારક છે. તેના સેવનથી ત્વચા તેમજ વાળ પણ સ્વસ્થ રહે છે. કેળામાં પ્રચૂર માત્રામાં ફાઈબર અને પોટેશિયમ સમાયેલા હોય છે. જે વાળ અને ત્વચા માટે આવશ્યક છે. ઉપરાંત તેમાં એન્ટી ઓક્સીડન્ટ તત્વ, બાયોટિન, મિનરલ્સ, જિંક, આર્યન, વિટામિન એ, બી, સી, અને ઈનો પણ ભંડાર છે. તેમાં સમાયેલ ગ્લુકોઝ શરીરને ઊર્જાવાન રાખે છે. કેળાના સેવનતી આંતરડામાં ઈન્ફેકશન ?ને મુખમાંના છાલાથી રાહત થાય છે.

તાણમાંથી છૂટકારો : કેલામાં ટ્રાઈપોરન નામનું તત્વ પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે શરીરમાં સેરોટોનિનની માત્રાને વધારે છે જેથી કેળાના સેવનથી મૂડ સારો થાય છે. ખાસ કરીને સ્ટ્રેસ દરમિયાન કેળા ઉત્તમ આહાર માનવામાં આવે છે. તેના સેવનથી તાણથી છુટકારો થાય છે.

બ્લડપ્રેશરને નિયંત્રિત રાખે : કેળામાં સમાયેલ પોટેશિયમ રક્ત સંચારને વ્યવસ્થિત કરે છે અને સોડિયમને નિયંત્રિત રાખતું હોવાથી બ્લડ પ્રેશર કાબુમાં રહે છે.

યાદશક્તિ વધારે : કેળામાં સમાયેલ વિટામિન બી નર્વસ સિસ્ટમને કન્ટ્રોલમાં રાખતું હોવાથી યાદશક્તિ વધે છે. તેથી જ યાદશક્તિ વધારવા કેળાનું સેવન કરવું જરૂરી છે.

શક્તિ વધારે : કેળામાં કુદરતી રીતેજ સુગર સમાયેલી હોય છે. તેથી જ વધુ પડતો શારીરિક શ્રમ અથવા તો કસરત કર્યા પછી કેળા ખાવાથી સુગરનું પ્રમાણ સામાન્ય રહેતું હોવાથી શરીરને ઊર્જા મળે છે ?ને થાક દૂર થતાં શક્તિ અને તાજગી મળે છે.

હાડકાને મજબૂત કરે : કેળામાં સમાયેલ પ્રોબાયોટિક બેકટેરિયા શરીરમાં કેલશિયમને શોષવામાં મદદ કરે છે. તેમજ તેમાં રહેલ પોટેશિયમ હાડકાને મજબૂત કરવામાં સહાયક છે.

પાચનક્રિયા સુધારે : કેળામાં સમાયેલા પ્રોબાયોટિક ઈન્ઝાઈમ્સ પોષક તત્વોને પાચન કરવામાં મદદ કરે છે. તેના નિયમિત સેવનથી પાચનતંત્ર ઉત્તમ કાર્ય કરે છે. કાચા કેળાનું સેવન ડાયેરિયામાં ગુણકારી નીવડે છે. ઉપરાંત કેળાાં



સમાયેલ પેસટિન નામનું તત્વ કબજિયાતથી છુટકારો આપે છે.

રોગપ્રતિરોધક ક્ષમતા : કેળામાં કૈરિટોનોયડ નામનું એટી ઓક્સીડન્ટસ સારી માત્રામાં સમાયેલું હોય છે. જે શરીરની રોગપ્રતિરોદક ક્ષમતા વધારીને ઈન્ફેકશનથી બચાવે છે.

હૃદય રોગ : કેળા હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. શરીરમાં પોટેશિયમની માત્રા ઓછી થવાથી બ્લેડપ્રેશર વધવાની શક્યતા રહે છે જે સ્ટ્રોકનું કારણ બને છે. તેથી જ દિવસમાં એક કેળું ખાવાથી હૃદય સ્વસ્થ રહેવાની સાથેસાતે હાઈ બ્લડપ્રેશરથી પણ રાહત આપે છે.

એનિમિયા : કેળામાં પ્રચૂર માત્રામાં આયર્ન સમાયેલું હોવાથી નિયમિત રીતે કેળાનું સેવન કરવાથીફાયયદો થાય છે. કેળા શરીરમાંના રક્તકણને વધારવામાં સહાયક છે. તેના સેવનથી કમજોરી અને થાક દૂર થાય છે.

સૌંદર્યવર્ધક કુદરતી મોઈશ્ચરાઈઝર : પોટેશિયમથી ભરપુર આ ફળ ત્વચા માટે એક ઉત્તમ મોઈશ્ચરાઈઝરની માફક કામ કરે છે. અડધા કેળાને છુંદી ચહેરા પર માસ્કની માફક લગાડવું.૧૦ મિનીટ પછી ધોઈ નાખવાથી ત્વચા ચમકીલી થાય છે.

ખીલથી છુટકારો : કેળામાં સમાયેલ એન્ટીઓક્સિડન્ટ ત્વચાને ગ્લોઈંગ બનાવાની સાથેસાતે ખીલથી પણ છુટકારો આપે ચે. કેળાની છાલ પરના સફેદ ભાગને પ્રભાવિત જગ્યા પર લગાડીને રગડવું.કેળામાં સમાયેલ વિટામિન્સ અને મિનરલ્સઈન્ફલામેશનને ઓછું કરીને ખીલને ઠીક કરે છે.

# શ્રદ્ધા સાથે સપના સાકાર કરવાનો અવસર એટલે શ્રાવણ માસ

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

કારણ કે જીવનમાં સપના જોનાર ઘણા હોય છે, પરંતુ સપનાને સત્ય બનાવવા માટે સતત ચાલનાર જ અંતે સફળતા મેળવે છે. સપના જુઓ, વિશ્વાસ રાખો, સમર્પિત રહો અને મહેનત કરતા રહો. સફળતાની દિશામાં ભરેલું દરેક સાચું પગલું આપણને આપણા સ્વપ્નની નજીક લઈ જઈ રહ્યું છે.શ્રાવણ મહિનાના પવિત્ર તહેવારોમાં શિવ અને શક્તિના સમન્વયથી જીવનમાં શાનદાર સફળતા મળે છે.

શ્રાવણ મહિનો એટલે ભક્તિ, તપ, સંયમ, શ્રદ્ધા અને આંતરિક શક્તિનો અનોખો સંગમ છે. આ મહિનામાં શિવની આરાધના થાય છે અને શક્તિના વિવિધ સ્વરૂપોની ઉપાસના પણ જીવનને નવી ઊર્જા આપે છે. શિવ સ્થિરતાનું પ્રતીક છે, જ્યારે શક્તિ ગતિ અને સર્જનનું. આ બંનેનો સમન્વય થાય ત્યારે વિચારને દિશા મળે છે અને દિશાને કાર્ય કરવાની શક્તિ મળે છે. જીવનમાં સફળતા માટે પણ આ જ સંતુલન જરૂરી છે.મન શાંત હોય, ધ્યેય સ્પષ્ટ હોય અને તેને મેળવવા માટે સતત પ્રયત્ન કરવાની ઊર્જા હોય સપના સાકાર કરવા સહેલા છે.

આપણે ઘણી વાર સફળ માણસને જોઈને તેની સિદ્ધિથી પ્રભાવિત થઈએ છીએ, પરંતુ તેની પાછળ છુપાયેલો લાંબો સંઘર્ષ ભૂલી જઈએ છીએ. કોઈ સફળતા એક જ દિવસમાં જન્મતી નથી. તેની પાછળ અનેક દિવસોની તૈયારી, અસંખ્ય નાની ભૂલો, નિષ્ફળ પ્રયાસો, રાહ જોવાની ક્ષમતા અને પોતાને સુધારવાની તૈયારી હોય છે. શ્રાવણનો આધ્યાત્મિક સંદેશ પણ આપણને આ જ ધીરજ શીખવે છે. પ્રાર્થના માણસને આશા આપે છે, પરંતુ આશાને પરિણામ સુધી પહોંચાડવા માટે કર્મ જરૂરી છે.

શિવને ધ્યાનસ્થ સ્વરૂપે જોતા આપણને સમજાય છે કે સફળતા માટે બહારની દોડ કરતાં પહેલાં અંદરની અશાંતિ પર વિજય મેળવવો પડે. મન સતત ભટકતું રહે તો મોટું ધ્યેય પણ નાનું લાગે છે. બીજી તરફ, શક્તિનું સ્વરૂપ આપણને યાદ અપાવે છે કે માત્ર શાંત બેસી રહેવું પૂરતું નથી. વિચારને ક્રિયામાં ફેરવવાની ઊર્જા જોઈએ. તેથી જીવનમાં શિવ જેવી સ્થિરતા અને શક્તિ જેવી સક્રિયતા બંને જરૂરી છે.

**આ શ્રાવણમાં પોતાના અંતરમાંથી એક નવો સંકલ્પ કરીએ. જે સપનું વર્ષોથી મનમાં છે તેને ફરી યાદ કરીએ. તેના માટે જરૂરી જ્ઞાન મેળવીએ, સમયનું આયોજન કરીએ, નિષ્ફળતાથી ન ડરીએ અને સંપૂર્ણ મનથી મહેનત કરીએ. ભગવાન શિવની શ્રદ્ધા સાથે આગળ વધીએ**

આ વિચારને સપનાઓ સાથે જોડીએ તો વાત વધુ સ્પષ્ટ બને છે. સપનું એટલે ભવિષ્યની એવી તસવીર જેને આપણે આજે જોઈ શકીએ છીએ. કોઈ યુવાન ઉત્તમ શિક્ષણ મેળવવાનું સપનું જુએ, કોઈ વ્યક્તિ પોતાનો વ્યવસાય ઊભો કરવા માંગે, કોઈ કલાકાર પોતાની કૃતિ દુનિયા સુધી પહોંચાડવા માંગે કે કોઈ સામાન્ય માણસ પોતાના પરિવારને સુખી જીવન આપવા માંગે—દરેક સપનું માનવીના જીવનને દિશા આપી શકે છે. પરંતુ સપનું ત્યારે જ શક્તિ બને છે જ્યારે તેની સાથે વિશ્વાસ અને કાર્ય જોડાય.શ્રાવણમાં કરવામાં આવતો સંકલ્પ પણ આ દિશામાં પ્રેરક છે. સંકલ્પ એટલે મનને એક દિશામાં વાળવાનો નિર્ણય. આજના જીવનમાં સંકલ્પની સૌથી મોટી જરૂર છે. આપણે ઘણી ઈચ્છાઓ રાખીએ છીએ, પરંતુ એક સાથે બધું મેળવવાની ઉતાવળમાં કોઈ એક ધ્યેયને પૂરતો સમય આપી શકતા નથી. પરિણામે મહેનત વિખેરાઈ જાય છે. જો ધ્યેય સ્પષ્ટ હોય, સમયનું આયોજન હોય અને દરરોજ થોડી પ્રગતિ કરવાની ટેવ હોય તો લાંબા ગાળે મોટું પરિણામ મળી શકે છે.

શ્રદ્ધા અહીં અંધ માન્યતા નથી. શ્રદ્ધા એટલે પોતામાં રહેલી સંભાવના પર વિશ્વાસ અને પોતાના સારા હેતુ માટે સતત પ્રયત્ન કરવાની આંતરિક તૈયારી. માણસને જ્યારે પોતાના માર્ગ પર વિશ્વાસ હોય છે ત્યારે મુશ્કેલી તેને રોકતી નથી; તે મુશ્કેલીનું સ્વરૂપ સમજીને માર્ગ શોધે છે. ક્યારેક ધ્યેય સુધી પહોંચવા માટે મૂળ યોજના બદલવી પડે, ક્યારેક નવી કળા શીખવી પડે અને ક્યારેક મદદ લેવી પડે. આ બધું શ્રદ્ધાની વિરુદ્ધ નથી. સમજદારીપૂર્વક બદલાવ સ્વીકારવો પણ સફળતાનો ભાગ છે.

આજના સમયમાં અનેક લોકો તુલનાના કારણે નિરાશ થાય છે. બીજાની સફળતા ઝડપથી દેખાય છે, પરંતુ પોતાની યાત્રા ધીમી લાગે છે. સોશિયલ મીડિયા આ ભાવનાને વધુ તીવ્ર બનાવે છે. અહીં શ્રાવણનો સંદેશ ખૂબ ઉપયોગી છે—પોતાના મનને બહારની દોડમાંથી થોડું પાછું ખેંચો અને પોતાની અંદરની યાત્રા જુઓ. તમે ગઈકાલ કરતાં આજે થોડું શીખ્યા છો? તમે ગઈકાલ કરતાં આજે થોડું વધુ શિસ્તબદ્ધ બન્યા છો? તમે પોતાના ધ્યેય તરફ એક પગલું આગળ વધ્યા છો? જો જવાબ હા હોય તો તમારી યાત્રા ચાલી રહી છે.

પ્રખ્યાત પુસ્તક "ધ સિક્રેટ" પણ વિચારશક્તિ અને માનસિક વલણના મહત્વ પર ભાર મૂકે છે. તેનો લોકપ્રિય વિચાર એ છે કે માણસ જે ઈચ્છે છે તેની સકારાત્મક કલ્પના કરે, વિશ્વાસ રાખે અને પોતાના ધ્યાનને લક્ષ્ય તરફ કેન્દ્રિત કરે. આ વિચાર લોકોને આશાવાદી બનવા અને પોતાના ધ્યેયને ગંભીરતાથી લેવા પ્રેરિત કરી શકે છે. પરંતુ જીવનની વાસ્તવિકતા એ છે કે માત્ર વિચારવાથી પરિણામ મળતું નથી. વિચાર પછી નિર્ણય, નિર્ણય પછી આયોજન અને આયોજન પછી સતત કર્મ જરૂરી છે. તેથી આ પુસ્તકનો સકારાત્મક સંદેશ જો વ્યવહારુ મહેનત સાથે જોડાય તો વધુ અર્થપૂર્ણ બને છે.

શિવ અને શક્તિના સમન્વયમાંથી આપણે જીવન માટે એક સુંદર સૂત્ર મેળવી શકીએ છીએ. શિવ કહે છે—સ્થિર રહો, ઉતાવળમાં નિર્ણય ન લો અને અંદરથી મજબૂત બનો. શક્તિ કહે છે—જાગો, કાર્ય કરો, પડકાર સ્વીકારો અને સર્જન કરો. આ બંને સંદેશને સાથે લઈ ચાલનાર વ્યક્તિ મુશ્કેલી સામે વધુ સજ્જ બની શકે છે. સફળતા માટે માત્ર જ્ઞાન પૂરતું નથી અને માત્ર ઉત્સાહ પણ પૂરતો નથી. જ્ઞાનને દિશા અને ઉત્સાહને શિસ્ત મળે ત્યારે પરિણામ જન્મે છે.

સપના સાકાર કરવાની સફરમાં પરિવાર અને સમાજનું પણ મહત્વ છે. ઘણી વાર એક વ્યક્તિને આગળ વધવા માટે પ્રોત્સાહનના બે શબ્દો જ પૂરતા હોય છે. આપણે પણ આસપાસના લોકોના સપનાઓને હસીને ન ઉડાવીએ. કોઈ યુવાન કંઈક નવું શીખવા માંગતો હોય, કોઈ મહિલા પોતાનું કામ શરૂ કરવા માંગતી હોય કે કોઈ વડીલ નવી પ્રવૃત્તિમાં જોડાવા માંગતા હોય, તો તેમને ઉત્સાહ આપવો જોઈએ. એક સકારાત્મક શબ્દ ક્યારેક કોઈના જીવનમાં લાંબા સમય સુધી પ્રકાશ બની રહે છે.



સફળતા માટે મહેનતનું સ્થાન કોઈ લઈ શકતું નથી. પ્રાર્થના મનને મજબૂત કરી શકે છે, પરંતુ હાથને કામ કરવું પડે છે. સંકલ્પ દિશા આપી શકે છે, પરંતુ પગલાં આપણે જ ભરવાના હોય છે. વિશ્વાસ ભય ઓછો કરી શકે છે, પરંતુ તૈયારી વગર સફળતા મળતી નથી. એટલે શ્રદ્ધા અને મહેનતને વિરોધી નહી પરંતુ એકબીજાના પૂરક માનવા જોઈએ.

જીવનમાં મોટા સપના જોવાની હિંમત પણ એક આધ્યાત્મિક ગુણ બની શકે છે. કારણ કે મોટું સપનું માણસને પોતાની મર્યાદા બહાર વિચારવા મજબૂર કરે છે. પરંતુ સપનું જોતી વખતે વાસ્તવિકતા ભૂલવી નહીં. ધ્યેયને નાના તબક્કામાં વહેંચવો, પોતાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું અને જરૂરી કૌશલ્ય મેળવવું,આ બધું સપનાને જમીન સાથે જોડે છે. આ રીતે કલ્પના અને વ્યવહાર વચ્ચેનો પુલ તૈયાર થાય છે.સફળતા માટે એક વધુ મહત્વની બાબત છે કે પોતાની અંદરની શક્તિને ઓળખવી. ઘણી વાર માણસ પોતાની ક્ષમતા કરતાં પોતાની શંકાને વધારે મહત્વ આપે છે. "હું કરી શકીશ કે નહીં?" એવો પ્રશ્ન શરૂઆત પહેલાં જ પગલાં રોકી દે છે. તેની જગ્યાએ "મારે શું શીખવું પડશે?" એવો પ્રશ્ન પૂછવો જોઈએ. આ નાનો ફેરફાર વિચારધારાને બદલી નાખે છે. શંકા આપણને અટકાવે છે, જ્યારે શીખવાની તૈયારી આપણને આગળ ધપાવે છે.

સમયનું સંચાલન પણ સફળતાનો મહત્વનો આધાર છે. દિવસમાં કેટલો સમય નિરર્થક વાતોમાં જાય છે અને કેટલો સમય ધ્યેય માટે વપરાય છે તેનો હિસાબ રાખવો જોઈએ. રોજ થોડો સમય વાંચન માટે, થોડો સમય કૌશલ્ય માટે અને થોડો સમય વિચાર માટે રાખી શકાય. આવી નાની શિસ્તો થોડા મહિનાઓ પછી મોટું અંતર ઊભું કરે છે. સફળ માણસ અને સામાન્ય માણસ વચ્ચેનો તફાવત ઘણી વાર પ્રતિભામાં નહીં, પરંતુ પોતાની શક્તિ અને સમયનો ઉપયોગ કેવી રીતે કરે છે તેમાં જોવા મળે છે.

શ્રાવણનો અંત આવે ત્યારે તહેવારોની યાદો રહી જાય છે, પરંતુ જો આ મહિનાનો સંકલ્પ આપણા સ્વભાવમાં રહી જાય તો તેનું સાચું ફળ મળ્યું કહેવાય. ભક્તિનો અર્થ માત્ર એક મહિના સુધીની ભાવના નહીં, પરંતુ આખા વર્ષ સુધી સારા વિચારો અને સારા કર્મને જીવંત રાખવો છે. શિવ અને શક્તિની આરાધનાનો સાચો સંદેશ પણ એ જ છે કે શાંતિ અને શક્તિ, વિચાર અને કર્મ, શ્રદ્ધા અને મહેનત,આ બધું જીવનમાં સાથે ચાલે.


આપણે સપના જોવા જોઈએ અને તે પૂરા થશે જ એવો વિશ્વાસ રાખવો જોઈએ. પરંતુ સાથે એ પણ નક્કી કરવું જોઈએ કે સપનાને સાકાર કરવા માટે જે જ્ઞાન, શિસ્ત, સમર્પણ અને મહેનત જરૂરી છે તેમાં કોઈ કચાશ રાખીશું નહીં. મુશ્કેલી આવશે તો માર્ગ શોધીશું, નિષ્ફળતા આવશે તો શીખીશું અને સમય લાગશે તો ધીરજ રાખીશું. સફળતાની રાહ લાંબી હોય તો પણ પાછા ફરીશું નહીં.

# ૧ ૨૦૦ કરોડના ખર્ચે બનનારી ફિલ્મ વારાણસીનું ૫૦ ભાષામાં થશે ડબિંગ

મુંબઈ,

આવતા વર્ષે રિલીઝ થનારી ફિલ્મ 'વારાણસી'ને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બિગ બજેટની ફિલ્મને વ્યવસ્થિત રીતે રિલીઝ કરવા અને વધુ સ્ક્રિન મળે એ માટે ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે. ફિલ્મનું ૮૦ ટકા કામ ખતમ થઈ ગયું છે. આ સાથે લીડ સ્ટાર મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારને પોતાના ભાગનો શુટિંગ શેડ્યુલ ખતમ કરી લીધો છે. આ ફિલ્મનું ટોટલ બજેટ ૧૨૦૦ કરોડનું હોવાનું જાણવા મળ્યું છે.

ફિલ્મ મેકર્સ જણાવી રહ્યા છે જે કે, જેમ જેમ શુટિંગનું કામ ખતમ થઈ રહ્યું છે એમ એડિટિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સૂત્રોમાંથી વાત એવી મળી રહી છે કે, ફિલ્મને ૫૦ જુદી જુદી ભાષાઓમાં ડબ કરવામાં આવશે. ૧૨૦ જેટલા દેશમાં રિલીઝ કરવામાં આવશે. આ માટેનું પ્લાનિંગ થઈ રહ્યું છે. વિદેશમાં જે તે ડિસ્ટ્રિબ્યુટર્સ સાથે વાતચીત ચાલી રહી છે. ખાસ વાત તો એ છે કે, AIથી તૈયાર કરેલા અવાજ કરતા અસલી આર્ટિસ્ટના અવાજને રેકોર્ડ કરવામાં આવ્યો છે.






એક ગ્લોબલ લેવલ પર ફિલ્મને તૈયાર કરવામાં આવી રહી છે. એટલા માટે અવાજ અને સાઉન્ડ ઈફેક્ટ પર અલગથી કામ કરવામાં આવી રહ્યું છે. લોકલ ટચ આપવા માટે સ્થાનિક કલાકારોની પણ મદદ લેવામાં આવી રહી છે. આ માટે સ્થાનિક લેવલ ઉપર બારિકીથી કામ ચાલું કરી દેવામાં આવ્યું છે. ફિલ્મનું કેટલુક શુટિંગ વારાણસી સિટી અને બાકીનું રામોજી ફિલ્મસિટી હૈદરાબાદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મના ડબિંગ અને સાઉન્ડ અંગે વાત કરતા સૂત્રોએ કહ્યું કે, રાજામૌલી ઈચ્છતા નથી કે જ્યારે ફિલ્મ એક ભાષામાંથી બીજી ભાષામાં જાય તો પર્ફોમન્સ નબળું થાય.

ખાસ કરીને ઈમોશન, પર્સનાલિટી અને કેટલાક ઠોસ અવાજ પર કંઈ નબળું પડે એવું મેકર્સ ઈચ્છતા નથી. મેકર્સે કહ્યું કે, હું ઈચ્છું છું કે, લોકો સ્ક્રિન પર થતા પર્ફોમન્સની સાથે એ ડાયલોગ અને એક અલગ સાઉન્ડને પણ ફીલ કરે. રાજામૌલીએ સ્પષ્ટતા કરી હતી કે, આ ફિલ્મમાં એક હાઈલેવલ સિનેમેટિક ઈફેક્ટ માટે બારિકીથી કામ કરવામાં આવ્યું છે કોઈ છૈંનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

# નીરજ ચોપરા બાદ રોહિત યાદવ બન્યો ભારતનો ઓલ ટાઈમ બેસ્ટ જેવલીન થ્રોઅર

મુંબઈ,

ભુવનેશ્વરમાં વર્લ્ડ એથલેટિક્સ કોન્ટિનેન્ટલ ટૂર સિલ્વર મીટમાં ભારતના રોહિત યાદવે શાનદાર પ્રદર્શન કરતા પુરુષોના જેવલિન થ્રો ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. ૨૪ વર્ષના રોહિતે ૮૭.૬૮ મીટરનો થ્રો કર્યો, જે તેમના કેરિયરનું બેસ્ટ પ્રદર્શન હતુ, રોહિત ઉપરાંત ભારતીય ખેલાડી યશવીર સિંહે પણ પ્રભાવિત કર્યા અને ૮૨.૯૪ મીટરના થ્રોની સાથે બીજુ સ્થાન પ્રાપ્ત કર્યું. તો બીજી તરફ અર્શદીપ સિંહ ૭૮.૮૨ મીટરના બેસ્ટ થ્રોની સાથે ચોથા સ્થાને રહ્યા.



રોહિતનું શાનદાર પ્રદર્શન ભારતીય એથલેટિક્સ માટે એક મોટી ઉપલબ્ધિ છે. ખાસ કરીને એ રમતમાં જેને તાજેતરના વર્ષોમાં ઘણી લોકપ્રિયતા મળી છે. તેમનો પર્સનલ બેસ્ટ થ્રો તેમની સતત થઇ રહેલી પ્રગતિને દર્શાવે છે અને પુરુષોના જેવલિન ઈવેન્ટમાં નીરજ ચોપરા બાદ ભારતની મજબૂતીને વધારે વધારે છે. રોહિતે તેના છેલ્લા અને નિર્ણાયક પ્રયાસમાં ૮૭.૬૮ મીટરનો અત્યાર સુધીનો પોતાનો સર્વશ્રેષ્ઠ થ્રો કરીને ભારતનો ઓલ-ટાઇમ બીજો સર્વશ્રેષ્ઠ થ્રોઅર બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આમ કરીને રોહિતે કિશોર જેનાના ૮૭.૫૪ મીટરના રેકોર્ડને પાછળ રાખીને ભારતની ઓલ-ટાઇમ યાદીમાં બીજું સ્થાન મેળવી લીધું છે. ઉલ્લેખનીય છે કે, કિશોર જેનાએ એશિયન ગેમ્સની ફાઇનલમાં ૮૭.૫૪ મીટરનો થ્રો કર્યો હતો.

# આઉટ થયા બાદ યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકન બોલર ફર્નાન્ડો વચ્ચે થયો ઝઘડો

કોલંબો,

શ્રીલંકા બે મૅચવાળી ટૂંકી સિરીઝની પ્રથમ ટેસ્ટ હારી ગયું એટલે હવે તેઓ કોલંબોની બીજી ટેસ્ટ જીતીને પણ સિરીઝની ટ્રોફી પર કબજો ન કરી શકે એટલે સ્વાભાવિક છે કે એના આક્રમક ખેલાડીઓ (ખાસ કરીને અગ્રેસિવ મૂડમાં બોલિંગ કરનાર ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો)ના મગજમાં રહેલી હતાશા અને કરોડપતિ ભારતીયો પ્રત્યેનો દ્વેષ બહાર આવે. રવિવારે તેમના એક ખેલાડીએ એવા જ આક્રમક મિજાજમાં યશસ્વી જયસ્વાલને ઉશ્કેર્યો હતો અને બન્ને જણ મારામારી સુધી આવી ગયા હતા.



યશસ્વીએ બાવન બૉલમાં નવ ચોગ્ગાની મદદથી ૪૫ રન બનાવ્યા હતા. તેનો ૫૩મો બૉલ ફર્નાન્ડોની ઓવરનો આખરી બૉલ હતો જેમાં તે ક્લીન બોલ્ડ થયો હતો. ગૉલની પ્રથમ ટેસ્ટમાં નિરોશન ડિકવેલા સાથે યશસ્વીએ જે રમૂજ કરી હતી એ શ્રીલંકનોને બરાબર યાદ હશે. એમાં એવું બન્યું કે યશસ્વીએ ફીલ્ડિંગ દરમ્યાન ડિકવેલા પાસે જઈને તેને એક સ્ટૅન્ડ તરફ હાથ બતાવીને તેને કહ્યું કે 'મારે તારા ફેમસ શૉટ જોવા છે. પેલા સ્ટૅન્ડ તરફ બૉલ મોકલી દે તો માનું.' ડિકવેલાએ તેને સામું મજાકમાં કહ્યું, 'મને આઈપીએલમાં લઈજા, એમાં રમવાની ખૂબ ઈચ્છા છે.' યશસ્વીએ તેને આઈપીએલમાં તક અપાવવાની ખાતરી આપી હતી.

યશસ્વીની ડિકવેલા સાથેની આ મજાકને હજી અઠવાડિયું પણ નથી થયું ત્યાં ખુદ યશસ્વી પર શ્રીલંકાના પ્લેયર સાથે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. તે રવિવારે ફર્નાન્ડોના બૉલમાં ક્લીન બોલ્ડ થયા બાદ મૂંઝવણમાં પાછો જઈ રહ્યો હતો ત્યારે ફર્નાન્ડો કંઈક ઉશ્કેરણીજનક કમેન્ટ કરીને સાથીઓ સાથે વિકેટ સેલિબ્રેટ કરવા લાગ્યો હતો.

જેન્ટલમેન્સ ગેમ'માં રવિવારે વાતાવરણ કંઈક જૂદું જ હતું. ફર્નાન્ડોની ટિપ્પણી સાંભળીને યશસ્વી પાછો આવ્યો હતો અને તેને વળતો જવાબ આપતી કમેન્ટ કરી હતી. બન્ને સામસામે આવી ગયા હતા. યશસ્વીએ હજી હેલ્મેટ ઉતારી નહોતી અને ગુસ્સામાં તેણે ફર્નાન્ડોના માથાને હેલ્મેટ થોડી અડાડી હતી. તેમણે એકમેકને ધક્કો માર્યો હતો. અન્ય ફીલ્ડરોએ બન્નેને ન છોડાવ્યા હોત તો તેઓ મારામારી પર જ ઊતરી પડ્યા હોત.

# બે જીવતદાન મળ્યા બાદ દેવદત્ત પડિક્કલે સદી ફટકારી

કોલંબો,

શ્રીલંકાને ગૉલની પ્રથમ ટેસ્ટમાં ભારતના બોલર્સમાં કુલ ૧૦ વિકેટ લેનાર સ્પિનર માનવ સુથાર ખૂબ ભારે પડ્યો હતો, પરંતુ બૅટ્સમેનોમાં દેવદત્ત પડિક્કલ શ્રીલંકાની હાર માટે નિમિત્ત બન્યો હતો એટલે અહીં કોલંબોમાં રવિવારે શરૂ થયેલી બીજી અને આખરી ટેસ્ટમાં તેમણે પડિક્કલને ખાસ અંકુશમાં રાખવાનો હતો, પરંતુ તેને ઈનિંગ્સની શરૂઆતમાં જ બે જીવતદાન આપીને શ્રીલંકાની ટીમે જાણે પોતે જ પોતાને મુસીબતમાં મૂકી દીધી છે.

ભારતે રમતના અંત સુધીમાં પાંચ વિકેટે ૩૦૦ રન બનાવ્યા હતા. ધ્રુવ જુરેલ સાત રન અને નવોદિત સ્પિન ઑલરાઉન્ડર સારાંશ જૈન ચાર રન બનાવીને દાવમાં હતો. ઈજાને કારણે રિટાયર-હર્ટ થયેલો રિષભ પંત સોમવારે કદાચ ફરી બૅટિંગ કરશે.



શ્રીલંકનોમાં ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો (૪૬ રનમાં ત્રણ વિકેટ) સૌથી વધુ સફળ હતો. યજમાન ટીમના સાત બોલર્સ ભારતને ૩૦૦ રનના આંકડા સુધી પહોંચતું નહોતા રોકી શક્યા.

રવિવારે કે. એલ. રાહુલ ૧૮ રન બનાવીને આઉટ થયો ત્યારે વનડાઉનમાં રમવા આવેલો પડિક્કલ ક્રીઝમાં માંડ સેટ થાય ત્યાં તેને પહેલાં તો શૂન્ય પર અને પછી એક રન પર જીવતદાન મળ્યું હતું. બસ, શ્રીલંકાને એ બે ભૂલ ભારે પડી હતી. પડિક્કલે (૧૧૭ રન, ૧૯૩ બૉલ, બાર ચોગ્ગા) પાછું વળીને જોયું જ નહીં અને સતત બીજી ટેસ્ટ સેન્ચુરી ફટકારી દીધી. આ તેની ચોથી જ ટેસ્ટ છે અને તેણે સતત બીજી ટેસ્ટમાં ટીમના તારણહાર બનવું પડ્યું છે. ગૉલની પ્રથમ ટેસ્ટમાં તેણે ૧૬૭ રન અને ૪૪ રનની ઈનિંગ્સ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો. રવિવારે બૅટિંગ દરમ્યાન એક સમયે તેણે ખભાના સ્નાયુઓના દુખાવાને લીધે ફિઝિયોથેરપિસ્ટ પાસે સારવાર લેવી પડી હતી.

ઈન્ફૉર્મ બૅટ્સમૅનને એક તો ઠીક, પણ ઉપરાઉપરી બબ્બે જીવતદાન મળે તો એનો લાભ ઉઠાવ્યા વિના રહે જ નહીં. પડિક્કલે સમયસર ફરી એક વખત સદી ફટકારી અને તેના આ પર્ફોર્મન્સને કારણે જ ભારત રવિવારના પ્રથમ દિવસે ૫/૩૦૦ના સ્કોર સુધી પહોંચી શક્યું હતું.

# પોર્ટુગલના યુવા ફૂટબોલ ખેલાડી કેવિન કેસ્ટોનું સ્થાનિક મેદાનમાં મૃત્યુ



લિસ્બન,

પોર્ટુગલના યુવાન ફૂટબૉલ ખેલાડી કેવિન કૅસ્ટ્રોનું સ્થાનિક ફૂટબૉલ મૅચ દરમ્યાન મૃત્યુ થયું હોવાનું લિસ્બન ફૂટબૉલ અસોસિયેશને શનિવારે જાહેર કર્યું હતું. તે પચીસ વર્ષનો હતો અને ક્લબ ટૂર્નામેન્ટની એક ફ્રેન્ડલી મૅચ દરમ્યાન તે અચાનક ઢળી પડ્યો હતો અને ટૂંકી સારવાર બાદ ડૉક્ટરે તેને મૃત (ડ્રીઢંર) જાહેર કર્યો હતો.

કેવિન કૅસ્ટો થોડા જ દિવસ પહેલાં ઈંગ્લૅન્ડથી પાછો આવ્યો હતો. ત્યાં તે ઈંગ્લિશ ફૂટબૉલની કેટલીક ક્લબ વતી રમ્યો હતો અને વર્તમાન સીઝન પહેલાં જ પોર્ટુગલ પાછો આવ્યો હતો.

કેવિન જયારે રિયલ સ્પોર્ટ ક્લબ વતી એસ્ટ્રેલા ડા ઍમન્ડોરા સામેની મૅચમાં રમવા મેદાન પર આવ્યો ત્યારે તેની તબિયત સારી હતી, પણ થોડી જ વારમાં તે અસ્વસ્થ થઈ ગયો હતો. તે મેદાન પર ઢળી પડતાં તાબડતોબ ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતા, તેને તરત જ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેના મૃત્યુને પુષ્ટિ આપવામાં આવી હતી.

કેવિને કરીઅરનો મોટા ભાગનો સમય ઈંગ્લિશ ફૂટબૉલમાં વીતાવ્યો હતો જ્યાં તે ચેલ્સીની અન્ડર-૨૩ ટીમ ઉપરાંત બીજી કેટલીક જાણીતી ક્લબ વતી રમ્યો હતો.

# અલ્લુ અર્જુનની રાકા ફિલ્મમાં વિલન તરીકે જીમ સરભની એન્ટ્રી

મુંબઈ,

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની નવી ફિલ્મ 'રાકા'માં વિલનની એન્ટ્રી થઈ ચૂકી છે. લાંબા સમય સુધી ફિલ્મન સ્ટારકાસ્ટ અંગે સસ્પેન્સ રાખ્યા બાદ મેકર્સે અલ્લુ અર્જુન સિવાય પણ કલાકારોના નામ પર મહોર મારી દીધી છે. આ ફિલ્મનું શુટિંગ પણ શરૂ થઈ ગયું છે. અલ્લુ અર્જુન પોતાના શેડ્યુલનું શુટિંગ શરૂ કરી ચૂક્યો છે. આ ફિલ્મમાં અલ્લુનો એક અલગ અંદાજ જોવા મળશે. સૂત્રો કહે છે કે, આ લૂક પુષ્પા કરતા એકદમ અલગ રહેવાનો છે. ફિલ્મમાં વિલન તરીકે જીમ સરભ પર પસંદગી ઊતારાવામાં આવી છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ લીડ એક્ટ્રેસ તરીકે છે.

જયારે વિલન તરીકે જીમ સરભની એન્ટ્રી ફાઈનલ મનાય રહી છે. વાવડ એવા મળી રહ્યા છે કે, જીમને કોઈ કારણોસર ઈજા પહોંચી છે છતા તે શુટિંગનું કામ પૂર્ણ કરી રહ્યો છે. ફિલ્મનો શેડ્યુલ મુંબઈમાં ફિક્સ કરવામાં આવ્યો છે. મુંબઈમાં સેટ તૈયાર કરવામાં આવ્યો છે. જ્યાં શુટિંગ ચાલી રહ્યું છે. દીપિકા અને અલ્લુ અર્જુન પહેલીવાર સ્ક્રિન શૅર કરી રહ્યા છે. આ ફિલ્મમાં દીપિકાનો લૂક પણ પહેલાની ફિલ્મ કરતા અલગ રહેવાનો છે. આ ફિલ્મમાં હોલિવૂડ સ્ટાર વિલ સ્મિથ પણ જોવા મળશે. આ ફિલ્મમાં એક ખુંખાર વિલન તરીકે જીમ સરભ જોવા મળશે. વિલ સ્મિથ તરફથી હાલ તો કોઈ સત્તાવાર વાત સામે આવી નથી. મેકર્સે પણ તો વાત નક્કી કરી નથી.



માત્ર સૂત્રોમાંથી આ વિગત મળી છે. આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. પહેલા પહેલો ભાગ અને પછી બીજો. ફિલ્મમાં બે અલગ અલગ ટાઈમઝોન જોવા મળશે. બન્ને ભાગમાં જુદી જુદી એક્ટ્રેસની પસંદગી કરવામાં આવી છે. બીજા ભાગમાં અત્યારે મૃણાલ ઠાકુરનું નામ ફિક્સ મનાય રહ્યું છે. જ્યારે જાહ્નવી કપૂર અને રશ્મિકાની પણ પસંદગી કરવામાં આવી છે. ફિલ્મમાં એનો રોલ કેવો હશે એને તે ક્યા પાત્રમાં હશે એ હજુ નક્કી નથી. આ ફિલ્મનું બજેટ ૧૦૦૦ કરોડનું હોવાનું માનવામાં આવે છે. ફિલ્મના ટિઝર અંગે અને ફિલ્મ અંગે ખાસ કોઈ વિગત સામે આવી નથી. એટલું ફિક્સ મનાય રહ્યું છે કે, ફિલ્મમાં કોઈ નવી સ્ટોરી હોઈ શકે છે. ફિલ્મને લઈને અલ્લુ અર્જુન પણ ઘણી મહેનત કરી રહ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | પ્ર | ક | દ | ઉ | કા | ધો | કા | મો | ધી | કા | તુ |
| કા | ક | પ્ર | બ | ન | ૨ | ળ | ણિ | ક | ઐ | ૨ | મ |
| લી | ૨ | કા | દ | ણ | ન | ૨ | કે | સ | રી | સા | જ |
| કી | ણ | વા | બો | ગ | મા | વા | ક્રો | નિ | પ્ર | લ | કા |
| સ | અ | દુ | બા | શિ | બા | ક્ષ | વે | કા | અ | કા | હિ |
| કા | વિ | ત | આ | ઈ | કા | દ | બ | હિ | અ | ચા | ક |
| ધા | આ | બં | ચી | પ્રા | ન | વા | ન | બિ | ૨ | મ | ભો |
| દ | ન | ઔ | અ | ડી | અ | વિ | ૨ | ૨ | ગ | પ્ર | ત્રિ |
| શિ | ત્રિ | જી | ઐ | ગ | ગ | ન | ણ | ક્ષ | કા | અ | વે |
| ઇ | ળ | કો | અં | ૨ | ભ | ચી | ઐ | સ | કા | ત | ણી |
| ન | ૨ | ૨ | ણ | મા | લા | ગ | ધ | દુ | નિ | યા | ભ |
| રી | અ | ૨ | સ | ઈ | ધ | ગં | વિ | દ | કી | દ | આ |

**શબ્દ શોધો:** ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# ઓટીટી પ્લેટફોર્મ પર બહુચર્ચિત આશ્રમ શ્રેણીનો ચોથો ભાગ આવશે : તૈયારીઓ શરૂ કરી દેવાઈ



મુંબઈ,

ત્રણ સીઝનના ૩૩ એપિસોડ સાથે ્ પ્લેટફોર્મ પર સૌથી વધારે ચર્ચામાં રહેલી વેબસિરીઝ 'આશ્રમ' ફરી એકવાર નવા અંદાજમાં આવી રહી છે. 'એક બદનામ...આશ્રમ' સાથે ચોથી સીઝન આવી રહી છે. પ્રકાશ ઝાના ડાયરેક્શનમાં તૈયાર થયેલી વેબસિરીઝની હવે પછીની સ્ટોરી માટેની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ચોથી સીઝનના સેટ પરથી ફર્સ્ટલૂક શૅર કરવામાં આવી રહ્યો છે. આ સ્ટોરીમાં પણ દર્શકો માટે સરપ્રાઈઝ હશે.

પ્રકાશ ઝાના પ્રોડક્શન હાઉસનો એક ફોટો ઈન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવ્યો છે. જેમાં પૂજા કરવામાં આવી રહી છે. વેબસિરિઝનું શુટિંગ શરૂ થઈ ગયું છે. ફોટોમાં ક્લેપ બોર્ડની ઝલક જોવા મળી રહી છે. આ સાથે કેપ્શનમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, એક આરંભ. આશ્રમના એક નવા અધ્યાયમાં સૌનું સ્વાગત છે. જપનામ. આશ્રમની ૪થી સીઝનમાં શું નવું હશે એની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ચોથી સીઝનમાં બાબા નિરાલાના રૂપમાં બોબી દેઓલ, અદિતિ પોહનકર, ચંદન રોય સન્યાલ, ત્રિધા ચૌધરી લીડ રોલમાં છે. સિરિઝના શુટિંગ લોકેશન બદલવામાં આવ્યા છે. આ વેબસિરિઝ ક્યારે રિલીઝ થશે એ અંગે ખાસ કોઈ તારિખ હાલમાં તો નક્કી કરવામાં આવી નથી.

આશ્રમ' સીઝન-૩ બાબા નિરાલાની ધરપકડ સાથે સમાપ્ત થાય છે. પમ્મી (આદિતિ પોહણકર) ની યોજના મુજબ, બાબા નિરાલા જેલમાં જાય છે. જ્યારે ભોપા (ચંદન રોય સાન્યાલ) તેના સામ્રાજ્ય પર નિયંત્રણ મેળવે છે.

# મહાભારત ફેમ એક્ટ્રેસ અને મિમિક્રી આર્ટિસ્ટ આશા સિંહ જયસ્વાલનું અવસાન

મુંબઈ,

મહાભારત' ફેમ એક્ટ્રેસ, સોશિયલ વર્કર અને મિમિક્રી આર્ટિસ્ટ આશા સિંહ જયસ્વાલનું નિધન થયું છે. તેમના પુત્ર આકાશ ભારદ્વાજે સોશિયલ મીડિયા પર આ દુઃખદ સમાચાર ફેન્સ સાથે શેર કર્યા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, ૨૨ ઓગસ્ટ એટલે કે શનિવારની સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે તેમના માતાએ અંતિમ શ્વાસ લીધા. આકાશે માતાને 'કર્મનિષ્ઠ લોખંડી મહિલા' ગણાવ્યા અને લોકો પાસે તેમના માટે પ્રાર્થના કરવાની અપીલ કરી. આશા સિંહના રવિવારે(૨૩ ઓગસ્ટ) સવારે મુંબઈના વિલે પાર્લે સ્થિત પવન હંસ સ્મશાન ભૂમિમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.



પોતાના માતાના નિધનની જાણકારી આપતા આકાશે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે, "મારા માતા એક કર્મનિષ્ઠ લોખંડી મહિલા હતા. આપ સૌ તેમની આત્માની સદ્ગતિ અને શાંતિ માટે પ્રાર્થના કરો. અને તેમના કામને સોશિયલ મીડિયા પર જરૂર જુઓ અને યાદ રાખો, જેથી તેમની આત્મા જ્યાં પણ હોય પ્રસન્ન રહે કે, તમે તેમનું કામ હજુ પણ જોઈ રહ્યા છો અને યાદ કરી રહ્યા છો."

આકાશ આગળ લખે છે કે, "તેમના જીવનમાં તેમનું કર્મ જ બધું હતું. મૃત્યુ પછી બ્રહ્માંડમાં મોક્ષ પ્રદાન કરે અને આ જ આશા સાથે હું આ મેસેજ પ્રસારિત કરી રહ્યો છું. મૃત્યુનો શોક નહીં, આનંદ. બ્રહ્માંડ જ તેમનો મેસેજ છે."પુત્ર આકાશે પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે, તેમના માતા કેરેક્ટર એક્ટ્રેસ, સમાજ સેવિકાની સાથે-સાથે ભારતના પ્રથમ ફીમેલ મિમિક્રી આર્ટિસ્ટ પણ હતા. તેઓ મીના કુમારીનો અવાજ રીક્રિએટ કરવા માટે જાણીતા હતા.

આશા સિંહે વર્ષ ૧૯૮૮ના પ્રખ્યાત પૌરાણિક ધારાવાહિક 'મહાભારત'માં કામ કર્યું હતું.

# રાજકોટમાં સંત શિરોમણી ગુરૂ રવિદાસ મહારાજનાં કળશનુ સ્વાગત સાથે પૂજન કરાયું



રાજકોટ, સંત શિરોમણી ગુરુ રવિદાસજી મહારાજના પાવન કળશનું શહેરના વોર્ડ નં.૪,૫,૯, ૧૦,૧૧ અને ૧૨માં ખૂબ જ ઉત્સાહભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કળશ આગમન વેળાએ સમગ્ર વિસ્તાર ધાર્મિક અને ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો.

આ નિમિતે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમ દરમિયાન વિધિવત રીતે કળશનું પૂજન અને અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, પુર્વ કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, પુર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પુર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિત તમામ વોર્ડના કોર્પોરેટરઓ, વોર્ડમાં આવતાં શહેરના હોદેદારો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, વોર્ડના સ્થાનિક આગેવાનો સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ ખાતે ઈન્ટર ક્લાસ યુથ ફેસ્ટિવલ સ્પર્ધાઓ યોજાઈ



રાજકોટ,જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલાત્મક પ્રતિભા અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર ઈન્ટર ક્લાસ યુથ ફેસ્ટિવલ અંતર્ગત કોલેજ કક્ષાએ વિવિધ૨૮ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું આ તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અને બહોળી સંખ્યામાં ભાગ લઈ પોતાની પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

# રાજકોટમાં હરિત-પીળા વૈભવમાં ઝળહળતા દાદા

રાજકોટ,રાજકોટમાં શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજના



શૃંગારમાં લીલા રંગના વાઘામાં સુવર્ણ જરીકામની વિશેષ આકર્ષણ જમાવે છે. મસ્તકે શોભતો લીલી પાઘ અને તેની વિશાળ કલગી દાદાના સ્વરૂપને રાજવી ભવ્યતા અર્પે છે. ગુલાબી અને સુવર્ણ રંગની સુંદર ઓઢણી હરિત શૃંગારમાં મનોહર રંગસંગતિ સર્જે છે.

ગળામાં ધારણ કરેલા રત્નોજડિત હાર અને મોતીના આભૂષણોથી દાદાનું સ્વરૂપ દિવ્ય તેજથી ઝળહળી ઊઠે છે. કાનના કુંડળો, બાજુબંધ અને અન્ય? અલંકારો દાદાના સૌમ્ય સ્વરૂપની શોભા વધારે છે. એક હાથમાં અભયમુદ્રા દ્વારા ભક્તોને નિર્ભયતા અને બીજા હાથમાં ગદા દ્વારા શક્તિનો સંદેશ મળે છે. સુવર્ણમય ઝરૂખા વચ્ચે કાળી પિછવાઈ પર બિરાજતા દાદાના દર્શન અત્યંત અલૌકિક અને મનમોહક લાગે છે.

# રાજકોટ સ્વામિનારાયણ મંદિરે પૂ.ડોકટર સ્વામીનું આગમન: તા.૨૯ સુધી સત્સંગ કરશે

રાજકોટ, રાજકોટના બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સદ્દગુરુવર્ય સંત પૂજય ડોક્ટર સ્વામી જેઓ ૯૩ વર્ષની જૈફ વયે પણ સતત વિચરણ કરી રહ્યા છે. તા.૨૧ ઓગસ્ટ, શુક્રવારના રોજ ૮:૩૦ વાગ્યે રાજકોટ મંદિરે આગમન થયું ત્યારે રાજકોટના પૂજ્ય સંતો અને હરિભક્તો, યુવકો અને બાળકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજકોટના પ્રવેશદ્વાર ગોંડલ ચોકડીથી ૫૦થી વધુ બાઇક પર બી.એ.પી.એસ. ધ્વજ સાથે સજ્જ યુવાનો પૂ.ડોક્ટર સ્વામીની કારને એસ્કોર્ટ કરતા કાલાવડ રોડ મંદિર સુધી લાવ્યા હતા. મંદિરે આગમન થતાં બાળકો, યુવકો અને હરિભક્તોએ પૂજ્ય ડોક્ટર સ્વામીને હર્ષભેર પુષ્પોથી વધાવ્યા હતા. મંદિર પરિસરમાં પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ પૂજ્ય ડોક્ટર સ્વામીનું પ્રાસાદિક પુષ્પહાર પહેરાવી સ્વાગત-અભિવાદન કર્યું હતું.

શ્રાવણ મહિને ચાલતી પારાયણમાં સર્વે હરિભક્તો વતી મહાનુભાવોએ હારતોરાથી પૂજ્ય ડોક્ટર સ્વામીને સત્કાર્યા હતા. આ અવસરે પૂજય ડોક્ટર સ્વામી ઉપસ્થિત સૌને આશીર્વચન પણ પાઠવ્યા હતા.

આમ, અતિ આનંદ-આવકાર સાથે સદગુરૂવર્ય પૂજ્ય ડોક્ટર સ્વામીનું રાજકોટ મંદિર ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે તા. ૨૧ ઓગસ્ટ શુક્રવાર થી ૨૯ ઓગસ્ટ શનિવાર એમ ૯ દિવસ સુધી રોકાઇને પૂજ્ય ડોકટર સ્વામી સત્સંગ લાભ આપનાર છે.

# કૃષિ જમીન 'ટુકડાધારા'માં ઐતિહાસિક સુધારાથી વિવાદો અટકશે : ધારાસભ્ય ટીલાળાનો આવકાર



રાજકોટ, ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા ટુકડા ધારા અધિનિયમ, ૧૯૪૭ અંતર્ગત એક ઐતિહાસિક અને વ્યાપક જનહિતનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત રાજ્ય સરકારે સત્તાવાર જાહેરનામુ બહાર પાડીને ખેતીની જમીનના તમામ વર્ગો માટે પ્રમાણિત લઘુત્તમ વિસ્તાર ૧૦ ગુંઠા એટલે કે ૧૦૧૨ ચોરસ મીટર નકકી કર્યો છે. ગુજરાત સરકારના આ ખેડૂતલક્ષી અને સાહસિક નિર્ણયને રાજકોટ-૭૦ના લોકપ્રિય ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ ઉમળકાભેર વધાવી લીધો છે.


તેમણે આ જનઉપયોગી ઐતિહાસિક સુધારા બદલ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો સમગ્ર સદસ્યો અને ખેડૂત આલમવતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

આ અંગે વિગતો આપતા ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે હંમેશા ખેડૂતો, સામાન્ય પ્રજાજનો અને જમીનધારકોના હિતને સર્વોપરી રાખ્યું છે.

જુના જટિલ નિયમોના કારણે ખેડૂતોને પોતાની જ જમીનના કાયદેસર ભાગલા પાડવામાં, વારસાઇ નોંધણી કરવામાં કે નાના ટુકડાઓનું ખરીદ-વેચાણ કરવામાં વહીવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. પરંતુ હવે સમગ્ર રાજ્યમાં તમામ વર્ગની ખેતીની જમીન માટે એકસમાન ૧૦ ગુંઠાનો માપદંડ નકકી થઇ જવાથી ખેડૂતોની વર્ષો જુની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે.

આ નિર્ણયથી જમીનના વિવાદો ઘટશે, પારદર્શિતા વધશે અને મહેસુલી પ્રક્રિયા ઝડપી-સરળ બનશે. કાયદાના આ સરળીકરણ થકી રાજ્યને વિકાસની નવી ઉંચાઇઓ પર લઇ જઇ પ્રજાનું જીવન વધુ સુગમ બનાવવામાં મદદ મળશે.

# રાજકોટ મારવાડી યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ રોનક બેડિયાની ઈસરોમાં સાયન્ટિસ્ટ તરીકે પસંદગી



રાજકોટ, રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે. યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ અને પૂર્વ વિદ્યાર્થી રોનક બેડિયાની ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થામાં સાયન્ટિસ્ટ/ એન્જિનિયર-કમ્પ્યુટર સાયન્સના પદ માટે પસંદગી થઈ છે. આરટીઆઈ હેઠળ પ્રાપ્ત વિગતો અનુસાર, આ પદ માટે દેશભરમાંથી આશરે ૩૦,૪૧૭ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. તેમાંથી માત્ર ૧૯૯ ઉમેદવારો (આશરે ૦.૬૫ ટકા) જ ઈન્ટરવ્યૂ માટે શોર્ટલિસ્ટ થયા હતા, જેમાં રોનકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સફળતા મેળવી છે.

પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે યોજાયેલા વ્યક્તિગત ઈન્ટરવ્યૂમાં રોનકની ટેકનિકલ અને વૈચારિક ક્ષમતા ચકાસવામાં આવી હતી. જેમાં ગ્રાફ થિયરી, ઓપરેટિંગ સિસ્ટમ્સ, કમ્પ્યુટર નેટવર્ક્સ, ગણિત તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવા અદ્યતન વિષયો પર ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરાયું હતું. હાલ ઈસરો તરફથી સત્તાવાર ઓફર લેટર આપવાની ઔપચારિકતા બાકી છે, જે નિર્ધારિત સમયપત્રક મુજબ પૂર્ણ થશે.

મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફે. (ડો.) રાજેન્દ્રસિંહ જાડેજાએ રોનકને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, "રોનકની આ સિદ્ધિ સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. તે અમારી શિક્ષણ પ્રણાલી અને મજબૂત શૈક્ષણિક પાયાનું પ્રતિક છે. ભારત જ્યારે વિજ્ઞાન અને સ્પેસ ટેકનોલોજીમાં આગળ વધી રહ્યું છે, ત્યારે યુવાનો દેશની પ્રગતિમાં યોગદાન આપે તે અમારું ધ્યેય છે." શૈક્ષણિક કારકિર્દીમાં ગોલ્ડ મેડલ મેળવ્યા બાદ દેશની અગ્રણી સંસ્થા ઈસરોમાં સ્થાન મેળવીને રોનકે પોતાની ટેકનિકલ ક્ષમતા સાબિત કરી છે. સતત અભ્યાસ અને મજબૂત ટેકનિકલ જ્ઞાનના જોરે મળેલી આ સફળતા મારવાડી યુનિવર્સિટીના અન્ય વિદ્યાર્થીઓ અને સમગ્ર શૈક્ષણિક સમુદાય માટે પ્રેરણારૂપ બની રહેશે.

# રાજકોટમાં પ્રથમ વખત ડીજીપી કપ હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ :ઓપનીંગ સેરેમની યોજાઈ

## ત્રણ દિવસ માટે ફુટબોલ સ્પર્ધામાં પોલીસ દળની પુરૂષોની ૮ તથા મહિલાઓની ૬ ટીમો વચ્ચે ટક્કર



રાજકોટ, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક સાનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ દળમાં શિસ્ત અને શારીરિક ફીટનેસ તથા ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તે માટે રમત ખુબ જ અગત્યની બાબત હોવાથી રાજકોટ શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ ૨૦૨૬-૨૭ નું તારીખ ૨૨/૦૮/૨૦૨૬ થી ૨૪/૦૮/૨૦૨૬ સુધી ત્રણ દિવસ માટે ફુટબોલ ગ્રાઉન્ડ, પોલીસ હેડક્વાર્ટર, રાજકોટ શહેર ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત રાજય પોલીસ દળની પુરૂષોની ૦૮ તથા મહિલાઓની ૦૬ ટીમોએ આ હરિફાઈમાં ભાગ લીધેલ છે.

હેન્ડબોલ સ્પર્ધા આ હરીફાઇની ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકનાઓ ઉપસ્થિત રહેલ. જ્યારે અન્ય અધિકારીઓમાં નાયબ પોલીસ કમિશ્નર, ટ્રાફિક હરપાલસિંહ જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ જગદીશ બાંગરવા, નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૧ હેતલ પટેલ તેમજ તમામ એસીપીઓ, પો.ઈન્સ. ઉપસ્થિત રહેલ હતા.

રાજકોટ શહેર ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક સા એ પોતાના ઉદબોધનમાં હરીફાઇમાં ભાગ લેનાર વિવિધ શહેર તથા યુનિટોમાંથી આવેલ તમામ ટીમોનુ અભિવાદન કરી ખેલાડીઓને ખુબ મહેનત કરી ખેલદીલીથી રમત રમવા અને સારૂ પ્રદર્શન કરી ગુજરાત પોલીસનુ નામ રોશન કરવા જણાવેલ. ડીજીપી કપ હેન્ડબોલ ક્લસ્ટર ૨૦૨૬-૨૭નુ આયોજન રાજકોટ શહેર ખાતે પ્રથમ વખત કરવામાં આવેલ છે, રાજકોટ શહેર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે શુટીંગ રેન્જ, પીકલબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફિટનેસ સેન્ટર, ફુટબોલ વિગેરે રમત ગમતની ભવ્ય સુવિધાઓ ઉપલબ્ધ હોય જેનો લાભ લેવા જણાવેલ હતુ. આ હરીફાઈમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી ટુર્નામેન્ટ ખુલ્લી મુકી હતી. આ હરીફાઈને સફળ બનાવવા રાજકોટ શહેર પોલીસ ટીમ સતત પ્રયત્નશીલ છે.

# ટાટા મોટર્સના ગુજરાતના સૌથી મોટા શોરૂમ 'જય ગણેશ ઓટો વર્લ્ડ'નું રાજકોટમાં ભવ્ય ઉદ્ઘાટન



રાજકોટ : રાજકોટના કાલાવડ રોડ ડાયવર્ઝન પર આવેલા જય ગણેશ સર્કલ પાસે, એવા કોરલ બિલ્ડિંગની બાજુમાં ટાટા મોટર્સના ગુજરાતભરના સૌથી મોટા તેમજ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ભવ્ય શોરૂમ 'જય ગણેશ ઓટો વર્લ્ડ'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ મંગલ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રમુખ શ્રી નરેશભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી શોરૂમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત ટાટા મોટર્સના ઝોનલ મેનેજર શ્રી અમિત સિંહા અને ઝોનલ સીસીએમ શ્રી રમેશ વરદરાજન સહિત ટાટા મોટર્સના ઉચ્ચ અધિકારીઓ તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા મોટર્સ ભારતની અગ્રણી ઓટોમોબાઈલ કંપનીઓમાંની એક છે અને ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને અનુરૂપ અત્યાધુનિક ટેક્નોલોજી, સુરક્ષા, ડિઝાઇન અને નવીનતાથી સજ્જ કાર્સ માટે જાણીતી છે. ટાટા મોટર્સના punch, Nexon, Cure, Harrier, Safari, Altroz અન Tigro જેવા લોકપ્રિય મોડલ્સે ભારતીય ઓટોમોબાઈલ બજારમાં આગવી ઓળખ બનાવી છે. ખાસ કરીને વાહન સુરક્ષાના ક્ષેત્રમાં ટાટા મોટર્સે ભારતીય ગ્રાહકોમાં વિશ્વાસનું મજબૂત સ્થાન ઊભું કર્યું છે

આ જ વિશ્વાસ અને ટાટા મોટર્સની અત્યાધુનિક ટેક્નોલોજીને રાજકોટ અને સૌરાષ્ટ્રના ગ્રાહકો સુધી વધુ શ્રેષ્ઠ રીતે પહોંચાડવાના ઉદ્દેશ થી જય ગણેશ ગ્રુપ દ્વારા "જય ગણેશ ઓટો વર્લ્ડ"નું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ગ્રાહકોને કારની ખરીદીથી લઈને ડિલિવરી, ફાઈનાન્સ, -શ્યોરન્સ, એકસેસરીઝ તથા સર્વિસ સહિતની વિવિધ ઓટોમોબાઈલ સેવાઓ એક જ છત નીચે વિશ્વસ્તરીય વાતાવરણમાં ઉપલબ્ધ થશે.

વર્ષ ૧૯૭૪થી ઓટોમોબાઈલ ક્ષેત્રે વિશ્વાસપાત્ર નામ ધરાવતા જય ગણેશ ગ્રુપ દ્વારા રાજકોટમાં શરૂ કરવામાં આવેલું આ અત્યાધુનિક ૨ સૌરાષ્ટ્રના ઓટોમોબાઈલ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહેશે. વિશાળ ડિસ્પ્લે એરિયા, આધુનિક ગ્રાહક સુવિધાઓ, ડિજિટલ ડલોજી તથા ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ મળે તેવા માહોલ સાથે આ શોરૂમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

'જય ગણેશ ઓટો વર્લ્ડ'ની શરૂઆત સાથે જય ગણેશ ગ્રુપના ટાટા મોટર્સના ૨૭થી વધુ ટચ પ્રોઈન્ટ્સનું વિશાળ નેટવર્ક કાર્યરત થશે. વસ્તરણ દ્વારા રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોમાં ટાટા મોટર્સના ગ્રાહકોને વધુ સરળતાથી જીફ્ક્ક્ષીજ અને છકીન્જીફ્ક્ક્ષીજ ઝી ઉપલબ્ધ થશે.

જય ગણેશ ગ્રુપના આ વિસ્તરણથી ૧,૦૦૦થી વધુ લોકોને સીધી રોજગારી તથા ૨,૦૦૦થી વધુ લોકોને પરોક્ષ રોજગારી મળી રહી છે. ઓટોમોબાઈલ ક્ષેત્રના વિકાસ સાથે સ્થાનિક સ્તરે રોજગાર સર્જન અને આર્થિક વિકાસમાં પણ જય ગણેશ ગ્રુપ મહત્વપૂર્ણ યોગદાન આપી

'જય ગણેશ ઓટો વર્લ્ડ' માત્ર એક નવો શોરૂમ નહીં પરંતુ ટાટા મોટર્સ અને જય ગણેશ ગ્રુપના વિશ્વાસ, ટેક્નોલોજી, સેવા અને ગ્રાહક અભિગમનું નવું સરનામું બની રહેશે.

# રાજકોટના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બાળ રોગ નિષ્ણાંત ડો. કાનાનીનું "પ્રાર્થના શા માટે કરવી" તે વિષયક વ્યાખ્યાન યોજાયું

રાજકોટ, શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બાળ રોગ નિષ્ણાંત એવા ડો. બીનાબેન કાનાનીનું "પ્રાર્થના શા માટે કરવી" તે વિષયક વ્યાખ્યાન યોજાયું

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તેમજ ગુજકોસ્ટ - ગાંધીનગર માન્ય શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રાજકોટ ખાતે બાળ રોગ નિષ્ણાંત એવા ડો. બીનાબેન કાનાની જેઓ એમ.ડી. પીડિયાટ્રિક્સની ડિગ્રી સાથે સાથે ગુજરાતી સાહિત્યમાં એમ.એ ની ડિગ્રી પણ ધરાવે છે. તેમજ તેઓ નિયોજન કેમિકલ લિમીટેડના કોફાઉન્ડર અને ભુતપુર્વ જોઇન્ટ મેનેજિંગ ડાયરેકટર પણ છે. તાઃ ૨૫-૦૭-૨૦૨૬ના રોજ તેઓએ "પ્રાર્થના શા માટે કરવી" તે વિષયક વ્યાખ્યાન આપેલ. તેમણે કહ્યું કે પ્રાર્થનામાં કોઈ માંગણી કે કોઈ માનતા પૂરી કરવાને બદલે ઈશ્વર સાથે અંતઃકરણથી સંવાદ કરવો જોઈએ જે ઈશ્વર જરૂર સાંભળે છે. બીનાબેન કાનાની એક ડોક્ટર હોવાને કારણે આ વિષય ઉપર ઊંડું ખેડાણ કરેલ છે. આ વ્યાખ્યાનમાં પ્રખ્યાત ખગોળ વૈજ્ઞાનિક ડો. જે. જે. રાવલ હાજર રહેલ અને



તેનો ઉપસંહાર પણ વૈજ્ઞાનિક રીતે કરેલ.

આ પ્રસંગે ડો. રાવલ દ્વારા ત્રણ યુવા પ્રતિભાઓનું સન્માન કરવામાં આવેલ. ડ્રોન ટેકનોલોજી ઉપર ગુજરાત સરકાર અને ભારત સરકારના સહયોગથી સ્ટાર્ટઅપ કરનાર બે યુવા એન્જિનિયરો શ્રી મેન્સ મેતરીયા અને શ્રી જયદીપ નાગર નું વિશેષ સન્માન કરેલ છે.

તેઓએ સ્વદેશી ડ્રોન ટેકનોલોજી વિકસાવેલ છે કે જે જીપીએસ કાર્ય કરતું બંધ થાય તો પણ કાર્યરત રહે છે. આ ટેકનોલોજી નો ઉપયોગ ડિફેન્સ ક્ષેત્રમાં પણ છે. બંને યુવા એન્જિનિયરોએ આઇ.આઇ.ટી. કાનપુર થી એરોનોટિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક. કરીને રાજકોટ રહીને સ્ટાર્ટઅપ વિકસાવી રહ્યા છે. ત્રીજા યુવા પ્રતિભા કુમારી પ્રિયાંશુ ગુપ્તા કે જેમણે આત્મીય યુનિવર્સિટી માંથી બી.એસ.સી ફિઝિક્સમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને રાષ્ટ્રીય કક્ષાની આઈ.આઈ.ટી. જે.એ.એમ પાસ કરીને (ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) પુનેમાં ઈન્ટીગ્રેટેડ પી.એમડી. માં સફળતાપૂર્વક પ્રવેશ મેળવેલ છે પ્રિયાંશુ એ બી.એસ.સી દરમિયાન ઈન્ટર્નશીપ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કરેલ છે.

# મોરિશિયસની ઊર્જા સુરક્ષાને સક્ષમ કરવા માટે કરારો પર હસ્તાક્ષર

## પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની મોરિશિયસની સત્તાવાર મુલાકાત

મોરિશિયસ,

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીશ્રી હરદીપ સિંહ પુરીએ ૨૦-૨૧ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન મોરિશિયસ પ્રજાસત્તાકની સત્તાવાર મુલાકાત લીધી હતી. ૨૦ ઓગસ્ટના રોજ, મંત્રીએ મોરેશિયસના પ્રધાનમંત્રી મહામહિમ ડૉ. નવીનચંદ્ર રામગુલામ સાથે મુલાકાત કરી હતી. તેમની હાજરીમાં, ભારત અને મોરેશિયસે તેલ અને ગેસ ક્ષેત્રમાં સહયોગ માટે સરકાર-થી-સરકાર (G2G) સમજૂતી કરાર (MoU)નું વિનિમય કર્યું હતું. પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા માટે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) અને મોરેશિયસના સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન (STC) વચ્ચે લાંબા ગાળાના વેચાણ અને ખરીદી કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, IOCL મોરેશિયસની મોટર સ્પિરિટ (MS), હાઇ સ્પીડ ડીઝલ (HSD) અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF)ની તમામ આયાત જરૂરિયાતોને પૂર્ણ કરશે.



ઓઇલ અને ગેસ સહયોગ પરના ર્ં બંને દેશો વચ્ચેની લાંબા ગાળાની ઊર્જા ભાગીદારીને સંસ્થાકીય બનાવે છે, જેમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો પુરવઠો, મોરિશિયસના અધિકારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ તેમજ બાયોફ્યુઅલ સહયોગ આવરી લેવામાં આવ્યો છે. IOCL અને જીૢ વચ્ચેનો પાંચ વર્ષનો કરાર મોરિશિયસ માટે ખાતરીપૂર્વકની લાંબા ગાળાની પુરવઠા પ્રતિબદ્ધતા છે, જે દેશને પુરવઠાની સુરક્ષા પૂરી પાડે છે અને ભાવમાં વધઘટ સામે રક્ષણ આપે છે. તાજેતરના વર્ષોમાં દક્ષિણ એશિયા બહાર ભારતીય પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU) ઓઈલ માર્કેટિંગ કંપની દ્વારા કરવામાં આવેલો આ પ્રથમ લાંબા ગાળાનો પુરવઠા કરાર છે.

મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ઊર્જા અને જાહેર ઉપયોગિતાઓ મંત્રી માનનીય પેટ્રિક જર્વેસ અસિવડિન, વાણિજ્ય અને ગ્રાહક સુરક્ષા મંત્રી માનનીય જહોન માઈકલ ત્ઝૌન સાઓ યંગ સિક યુએન અને વિદેશ, પ્રાદેશિક સંકલન અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંત્રી માનનીય ધનંજય રામફુલ સાથે પણ ફળદાયી દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. તેમણે મેર રૂજ, પોર્ટ લુઈસ ખાતે ઈન્ડિયા ઓઈલ (મોરિશિયસ) લિમિટેડની ૨૭.૫ TMT બંકર મરીન ફ્યુઅલ સ્ટોરેજ સુવિધાના ખાતમુહૂર્ત સમારોહમાં ભાગ લીધો હતો. ભારત ૨૩ રિફાઇનરીઓમાં શુદ્ધ ભરેલા પેટ્રોલિયમ ઉત્પાદનોના ૨૬૭ MMTના વાર્ષિક ઉત્પાદન સાથે એક મુખ્ય વૈશ્વિક રિફાઇનિંગ હબ તરીકે ઉભરી આવ્યું છે, જે તેને શુદ્ધ ઉત્પાદનોનું ચોખ્ખું નિકાસકાર બનાવે છે. ભારત અગાઉથી જ નેપાળ અને ભૂતાનની પેટ્રોલિયમ જરૂરિયાતો પૂરી કરે છે અને ક્ષેત્રના અન્ય દેશો તેમજ તે સિવાયના દેશોમાં નોંધપાત્ર પ્રમાણમાં પુરવઠો પૂરો પાડે છે. વર્તમાન પશ્ચિમ એશિયા સંકટ દરમિયાન પણ, ભારતે નેપાળ અને ભૂતાનને તેની પુરવઠા પ્રતિબદ્ધતા પૂર્ણ કરી છે, જે તેને આ ક્ષેત્ર માટે એક વિશ્વસનીય ઊર્જા સુરક્ષા પ્રદાતા બનાવે છે.

# ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન, ૩૫ થી વધુ રસ્તાઓ બંધ

દહેરાદુન,

ઉત્તરાખંડ અધિકારીઓએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરાખંડના અનેક ભાગોમાં હળવાથી ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, ભૂસ્ખલન થયું હતું અને રાજ્યભરમાં ૩૫ થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા હતા.

રાતોરાત વરસાદને કારણે તાજા કાદવ અને પથ્થરો પડતાં સમારકામ હેઠળના રસ્તાનો એક ભાગ નીચે પડી ગયો હતો, જેના કારણે મસૂરી-દહેરાદૂન રસ્તો પાણીવાલા બેન્ડ નજીક લગભગ એક કલાક માટે બંધ રહ્યો હતો.

મસૂરી તરફ જતા પ્રવાસી વાહનોની લાંબી કતાર આ માર્ગ પર લાગી ગઈ હતી. સુવાખોલી થઈને ઉત્તરકાશી તરફ જતા મુસાફરો પણ અટવાઈ ગયા હતા. અધિકારીઓએ વૈકલ્પિક કિમાડી માર્ગ દ્વારા ટ્રાફિક વાળ્યો હતો જ્યારે માર્ગ જાળવણી ટીમોએ કાટમાળ સાફ કર્યો હતો.

"અગાઉ નુકસાન પામેલા પટ પર સમારકામનું કામ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ અવિરત વરસાદ અને તાજા કાદવના કારણે તેનો એક ભાગ ફરીથી ઓછો થઈ ગયો હતો, જેના કારણે અમને થોડા સમય માટે ટ્રાફિક બંધ કરવાની ફરજ પડી હતી," મસૂરી સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રાહુલ આનંદે જણાવ્યું હતું.

રસ્તાની એક બાજુ સાફ થયા પછી લગભગ એક કલાક પછી ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ફક્ત હળવા વાહનોને વૈકલ્પિક રીતે પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી.

"સતત વરસાદને કારણે સમારકામ પૂર્ણ કરવામાં પડકાર ઉભો થઈ રહ્યો છે કારણ કે નવો બનેલો ભાગ લગભગ દરરોજ ધોવાઈ રહ્યો છે. સૂકા હવામાન પછી કામ ઝડપથી શરૂ થશે," આનંદે ઉમેર્યું.

દરમિયાન, ઉત્તરકાશી જિલ્લાના નેતાલા નજીક સવારે ૭.૪૧ વાગ્યે ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યો હતો કારણ કે રાતોરાત વરસાદને કારણે કાટમાળ અને પથ્થરો રસ્તા પર પડી ગયા હતા.

# બંગાળની ખાડીમાં પનામા ધ્વજવાળું માલવાહક કાર્ગો જહાજ ડૂબી ગયું

## પારાદીપ કિનારાથી ૨૪૦ નોટિકલ માઇલ દૂર બની ઘટના

પરાદ્વીપ,

પનામા-ધ્વજવાળું એક કાર્ગો જહાજ સિંગાપોર તરફ જઈ રહ્યું હતું ત્યારે ઓડિશાના પારાદ્વીપ કિનારાથી ૨૪૦ નોટિકલ માઈલ દૂર બંગાળની ખાડીમાં ડૂબી ગયું. મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, જહાજમાં ૨૪ ક્રૂ સભ્યો હતા. ભારતીય કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળે બચાવ કામગીરી શરૂ કરી છે, એમ તેમણે ઉમેર્યું.

એક વરિષ્ઠ IPS અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "અમને ખાતરી નથી કે કેટલા ક્રૂ સભ્યોને બચાવી લેવામાં આવ્યા છે," તેમણે ઉમેર્યું હતું કે મોટાભાગના ક્રૂ સભ્યો ચીની હતા. તેમણે જણાવ્યું હતું કે, બચાવ કાર્યમાં મદદ કરવા માટે આસપાસના અન્ય જહાજોને ચેતવણી આપવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, "જહાજ શુક્રવારે ઓડિશા કિનારાથી રવાના થયું હતું."

આવી જ ઘટનાઃ તુર્કીના લશ્કરી શસ્ત્રો લઈને કાર્ગો જહાજ પર સવાર છ ભારતીયોનું અપહરણ

સોમાલીના એક અધિકારીના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયાની શરૂઆતમાં સોમાલિયાના પન્ટલેન્ડ કિનારાથી ચાંચિયાઓ દ્વારા અપહરણ કરાયેલા કેમરૂન-ધ્વજવાળા કાર્ગો જહાજના ૧૦ સભ્યોના ક્રૂમાં છ ભારતીયોનો સમાવેશ થાય છે. પોલાર મૂવમેન્ટ શિપિંગની માલિકીની M/V LUTUF, સોમવારે પન્ટલેન્ડના આઈલ જિલ્લામાં મરાયાથી લગભગ ૩.૫ નોટિકલ માઈલ દૂર જપ્ત કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને નુગાલ કિનારા તરફ લઈ જવામાં આવી હતી.

# કેનેડા એક રાજ્ય બન્યા વિના પણ એક રાજ્ય બનવાના ફાયદા ઈચ્છે છે: ડોનાલ્ડ ટ્રમ્પ

## કેનેડા સાથે વેપાર વાટાઘાટો નિષ્ફળ થતા અમેરિકન પ્રમુખનું મોટું નિવેદન

વોશિંગ્ટન,

કેનેડા સાથેના વેપાર કરારની નિષ્ફળતા બાદ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પડોશી દેશ પર પ્રહારો કર્યા અને કહ્યું કે ઓટાવા રાજ્ય હોવાના ફાયદા ઈચ્છે છે, ભલે તે એક રાજ્ય નથી, જ્યારે દાવો કરે છે કે તે વર્ષોથી વોશિંગ્ટન પાસેથી ચાર્જ વસૂલ કરી રહ્યું છે, જેને તેઓ હવે મંજૂરી આપી શકતા નથી.

"કેનેડા એક રાજ્ય હોવાના ફાયદા ઈચ્છે છે, એક રાજ્ય બન્યા વિના!!!" ૮૦ વર્ષીય રિપબ્લિકન નેતાએ ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું. "તેઓએ ઘણા વર્ષોથી આપણા મહાન ખેડૂતો પર પણ મોટા પાયે ટેરિફ વસૂલ્યા છે. હવે નહીં!!!"

યુએસ અને કેનેડા વચ્ચેનો વેપાર કરાર આ અઠવાડિયે તૂટી ગયો, જેમાં વોશિંગ્ટને જીહ્ ૨૦ બિલિયનના મૂલ્યના કેનેડિયન ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો. વોશિંગ્ટનના આ પગલા પર કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ તાત્કાલિક પ્રતિક્રિયા આપી, જેમણે વેપાર કરારના ભંગાણ માટે અમેરિકનો દ્વારા "છેલ્લી ઘડીના ફેરફારો" ને જવાબદાર ઠેરવ્યા.

તેમણે કહ્યું કે યુએસ દ્વારા પ્રસ્તાવિત શરતો "અન્યાયી અને બિનઆર્થિક" હતી, જે સોદાની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવે છે.

"તાજેતરના દિવસોમાં, યુનાઈટેડ સ્ટેટ્સે નવી શરતો પ્રસ્તાવિત કરી હતી જે બિનઆર્થિક, અન્યાયી હતી અને કેનેડા માટે ચોખ્ખા લાભોને નબળી પાડતી હતી, અને કોઈપણ સોદાની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવતી હતી," તેમણે શનિવારે કહ્યું હતું. "તેઓએ જે ઓફર કરી છે તે અમે સ્વીકારી શકતા નથી, અને અમે જે માંગ્યું છે તે અમે આપીશું નહીં."

સોદો કેમ નિષ્ફળ થયો ?

કેનેડિયનોએ ટ્રમ્પ વહીવટીતંત્ર પાસેથી ઓટો, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર રાહત માંગી હતી, અને યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરના જણાવ્યા મુજબ, વોશિંગ્ટન તેમના પરના ટેરિફ ઘટાડવા સંમત થયું હતું. શનિવારે ન્યૂ યોર્ક ટાઇમ્સ (NYT) સાથે વાત કરતા, ગ્રીરે કહ્યું કે આનાથી કેનેડાને "કોઈપણ ટ્રેડિંગ પાર્ટનર કરતાં સૌથી વધુ પસંદગીનો વ્યવહાર" મળ્યો હોત.

પરંતુ પાછળથી, કાર્નેએ કહ્યું કે આ સોદો તૂટી ગયો કારણ કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અન્ય દેશો સાથે કેનેડાના વેપાર સોદાઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધો હતા.

# સિમ્બાયોટેક ફાર્માલેબ લિમિટેડનો ipo આજથી ખુલ્યો



ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ.૯૩૮થી રૂ.૯૮૮ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૫ ઈક્વિટી શેર અને પછી ૧૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈશ્યુ ૨૪ ઓગસ્ટ ના રોજ ખુલશે અને ૨૭ ઓગષ્ટ ના રોજ બંધ થશે.

# હાઈટેક એન્જીનીયર્સ લિમિટેડનો ipo આજથી ખૂલ્યો

હાઇ-ટેક એન્જિનિયર્સ લિમિટેડે બુધવારે જાહેરાત કરી હતી કે તેનો આઈપીઓ સોમવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગની તારીખ શુક્રવાર, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ છે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૫૦થી રૂ. ૫૩ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૨૮૩ ઈક્વિટી શેર માટે અને ત્યાર બાદ ૨૮૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

# યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટનો નકશો ફરી એકવાર નવા યુએસ પ્રદેશ તરીકે શેર કર્યો

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ફરી એકવાર વૈશ્વિક તેલ, કુદરતી ગેસ અને અન્ય પુરવઠા માટેનો મુખ્ય જળમાર્ગ, હોર્મુઝ સ્ટ્રેટને "નવો યુએસ પ્રદેશ" તરીકે દર્શાવતો નકશો પોસ્ટ કર્યો.

તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, તેમણે એક નકશાનો ફોટો શેર કર્યો જે મહત્વપૂર્ણ ચોકપોઈન્ટ - જે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાન દ્વારા બંધ કરવામાં આવ્યું છે - ને "નવો યુએસ પ્રદેશ" તરીકે પરિભ્રમણ કરતો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિએ અગાઉ ૧૮ ઓગસ્ટે આ જ છબી પોસ્ટ કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિએ સૌપ્રથમ ૧૫ ઓગસ્ટે યુએસ ક્ષેત્રના સ્ટ્રેટ ભાગને જાહેર કરવાની હિમાયત કરી હતી.

"અમે ખૂબ જ ખરાબ રીતે પરાજિત થઈ રહેલા ઈરાનને હરાવી લીધા પછી - ટૂંક સમયમાં હું હોર્મુઝ સ્ટ્રેટને યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રદેશ જાહેર કરીશ," તેમણે ન્યૂ યોર્કમાં એક રેલી દરમિયાન કહ્યું.

"તે સાચું જ છે," તેમણે ઉમેર્યું હતું.ઈરાને યુદ્ધ પહેલા હોર્મુઝ પર નિયંત્રણ મેળવ્યું છે, જ્યાંથી વિશ્વના તેલ અને ન્દ્ધ્ય નિકાસનો લગભગ પાંચમો ભાગ પસાર થતો હતો, અને તેણે જહાજો માટે જળમાર્ગનો ઉપયોગ કરતા પહેલા પરવાનગી મેળવવી અને પરિવહન ફી ચૂકવવી ફરજિયાત બનાવી દીધી છે. જોકે, ટ્રમ્પ દાવો કરે છે કે અમેરિકાનો સ્ટ્રેટ પર "સંપૂર્ણ નિયંત્રણ" છે.

ઈરાન કહે છે કે હોર્મુઝ સ્ટ્રેટ ત્યાં સુધી ખુલશે નહીં જ્યાં સુધી અમેરિકા "વર્તણૂક સુધારે" નહીં

ઈરાને શનિવારે કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે અને જ્યાં સુધી અમેરિકા તેની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ ન કરે અને "તેનું વર્તન સુધારે" ત્યાં સુધી ફરી ખુલશે નહીં. "અમેરિકાના દાવાઓ છતાં હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે, અને જ્યાં સુધી અમેરિકા તેનું વર્તન સુધારે નહીં ત્યાં સુધી ખુલશે નહીં," ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા મોહસેન રેઝાઈએ રાજ્ય ટેલિવિઝન પર જણાવ્યું હતું.

# જાપાનના પૂર્વી વિસ્તારમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ, ૨૩ લોકો ઘાયલ

ટોક્યો,

રવિવારે વહેલી સવારે ટોક્યો વિસ્તાર સહિત પૂર્વી જાપાનમાં ૫.૯ ની તીવ્રતાનો મધ્યમ ભૂકંપ આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકો ઘાયલ થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભૂકંપ પછી સુનામીનો કોઈ ભય નહોતો.

જાપાન હવામાન એજન્સી અનુસાર, દક્ષિણ ઈબારાકી પ્રીફેક્ચરમાં ૭૦ કિલોમીટરની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો. આ પ્રદેશ વારંવાર ભૂકંપની સંભાવના ધરાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે ભૂકંપની પ્રાથમિક તીવ્રતા ૫.૮ નોંધી છે.

ચાર પ્રીફેક્ચરમાં ૨૩ લોકો ઘાયલ થયા છે

પ્રીફેક્ચરલ અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રદેશના ચાર પ્રીફેક્ચરમાં ૨૩ લોકો ઘાયલ થયા છે. સૈતામામાં નવ, કાનાગાવામાં નવ, ચિબામાં ચાર અને ઈબારાકીમાં એક વ્યક્તિ ઘાયલ થયા છે. સૂતી વખતે ભૂકંપથી બેભાન થઈ ગયા પછી ઘાયલ થયેલા મોટાભાગના લોકો નીચે પડી ગયા હતા અથવા ફર્નિચર અથવા દરવાજા સાથે અથડાયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂકંપના આંચકા પછી કેટલાક લોકો ગભરાટમાં પથારીમાંથી બહાર નીકળી ગયા હતા.

યોમિયુરી અખબારના અહેવાલ મુજબ, ઘાયલોમાં ૮૦ વર્ષની એક મહિલા પણ હતી જે કાનાગાવા પ્રીફેક્ચરના યોકોહામામાં પથારી પરથી પડી ગઈ હતી અને તેના હિપમાં ગંભીર ઈજા થઈ હતી.

# અમેરિકામાં ગુજરાતી ઉદ્યોગપતિની તેના સ્ટોરમાં લૂંટ દરમિયાન ગોળી મારીને હત્યા

ટેનેસી

અમેરિકાના ટેનેસીમાં એક ૫૬ વર્ષીય વ્યક્તિની તેના સ્ટોરમાં સશસ્ત્ર લૂંટ દરમિયાન ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જેક્સન પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, શંકાસ્પદે સ્ટોર કર્મચારી પાસેથી પૈસા લીધા પછી ગોળીબાર કર્યો હતો.

પીડિત સુરેશ પટેલ ગુજરાતના મહેસાણા જિલ્લાનો રહેવાસી હતો અને રિજક્રેસ્ટ સેલર્સ વાઇન એન્ડ સ્પિરિટ્સ સ્ટોરનો માલિક હતો. ઘટના બની ત્યારે તેની ૧૯ વર્ષની પુત્રી પણ સ્ટોરમાં હાજર હતી. આ અંધાધૂંધ ગોળીબારમાં તે બચી ગઈ.

જેક્સન પોલીસ વિભાગને રાત્રે ૯ વાગ્યે લૂંટ અને ગોળીબાર અંગે ફોન આવ્યો હતો.

એક નજરે જોનારા સાક્ષીને ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, "એક અજાણ્યો શંકાસ્પદ વ્યક્તિ સંસ્થામાં ઘૂસી ગયો, હથિયાર બતાવ્યું અને કર્મચારીઓ પાસેથી રોકડની માંગણી કરી."

"કર્મચારી પાસેથી પૈસા લીધા પછી, શંકાસ્પદે અનેક ગોળીબાર કર્યા, જેમાં સ્ટોરના એક કર્મચારીને વાગી," પોલીસે તેના ફેસબુક પર શેર કરેલું નિવેદન વાંચો.

પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યક્તિનું વર્ણન કાળા પુરુષ તરીકે કરવામાં આવ્યું છે. આ માણસનો ચહેરો પેઈન્ટબોલ શૈલીના માસ્કથી ઢંકાયેલો હતો અને તેણે ગ્રે રંગનો હૂડી, જીન્સ અને કાળા વર્ક શૈલીના બૂટ પહેરેલા હતા.

પોલીસે જણાવ્યું હતું કે શંકાસ્પદ સફેદ સેડાનમાં વ્યવસાય છોડીને ભાગી રહ્યો હતો. લોકોને શંકાસ્પદ વ્યક્તિ વિશે માહિતી શેર કરવા વિનંતી કરતા, પોલીસે જણાવ્યું હતું કે, "જે કોઈને માહિતી હોય તેમને ૭૩૧-૪૨૫-૮૪૦૦ પર જેક્સન પોલીસ વિભાગ અથવા ૭૩૧-૪૨૪-૮૪૭૭ પર ક્રાઈમ સ્ટોપર્સનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. ક્રાઈમ સ્ટોપર્સનો ફોન કરનારાઓ અનામી રહી શકે છે."

પીડિત, સુરેશ પરષોત્તમદાસ પટેલ લગભગ ૩૦ વર્ષથી યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતો હતો. તેણે એક અઠવાડિયા પહેલા જ નવો વ્યવસાય શરૂ કર્યો હોવાનું કહેવાય છે.

આ ઘટના વિશે વાત કરતા, આખાજ ગામના રહેવાસી દિનેશ સુથારે જણાવ્યું હતું કે, "આ દુઃખદ સમાચાર બાદ મહેસાણા જિલ્લાના આખાજ ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ બીજિંગમાં વાંગ યી સાથે ભારત-ચીન સરહદ પર વાટાઘાટો કરશે

## ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તણાવ ઓછો કરવા અને લશ્કરી મુકાબલાની પરિસ્થિતિને ઓછી કરવા માટે પ્રયાસ

બીજિંગ,

આજે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે ભારત-ચીન સરહદ મુદ્દા પર ખાસ પ્રતિનિધિઓ (SR) ની વાટાઘાટોમાં ભાગ લેવાના છે. બંને દેશો મંગળવારે ૨૫મા રાઉન્ડની જીઇ વાટાઘાટો યોજવાના છે.

આગામી વાટાઘાટો મહત્વપૂર્ણ બની રહી છે કારણ કે તે ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં BRICS સમિટ માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારતની અપેક્ષિત મુલાકાત પહેલા યોજાઈ રહી છે. જ્યારે શીની મુલાકાત અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ નથી, બંને પક્ષોના અધિકારીઓ તેમની ભાગીદારી અંગે આશાવાદી છે.



આ વાટાઘાટો એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તણાવ ઓછો કરવા અને લશ્કરી મુકાબલાની પરિસ્થિતિને ઓછી કરવા માટેસતત પ્રયાસ કરી રહ્યા છે. નોંધનીય છે કે, જૂન ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ જોવા મળ્યો હતો, જેના કારણે પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન દ્વારા મોટી સંખ્યામાં સૈનિકો અને લશ્કરી સાધનો તૈનાત કરવામાં આવ્યા હતા.

તાજેતરના વર્ષોમાં, બંને દેશો વચ્ચે લશ્કરી અને રાજદ્વારી સ્તરે અનેક તબક્કાની વાટાઘાટો થઈ છે. આ વાટાઘાટોનો ઉદ્દેશ્ય ન્છઝ્ર પરથી સૈનિકો પાછા ખેંચવા, છૂટાછેડા લેવા અને સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાનો રહ્યો છે.

ખાસ પ્રતિનિધિ તંત્ર ભારત અને ચીન વચ્ચેના સરહદી વિવાદનો રાજકીય ઉકેલ શોધવા માટે સ્થાપિત એક મહત્વપૂર્ણ મંચ છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ચીનના તેમના સમકક્ષ આ તંત્ર હેઠળ વાટાઘાટો કરે છે. ઉદ્દેશ્ય માત્ર વર્તમાન લશ્કરી તણાવ ઘટાડવાનો જ નહીં પરંતુ સરહદી વિવાદના વ્યાપક અને લાંબા ગાળાના ઉકેલ માટે રાજકીય માર્ગ શોધવાનો પણ છે.

# યુવાનોને ડ્રગ્સ વેચવા માટે તૈયાર કર્યા હતા : ગોલ્ડી બ્રારની કેનેડામાં હરદીપ નિજ્જરની હત્યાની કબૂલાત

## વાયરલ થયેલી કથિત ક્લિપમાં બ્રારે સ્વીકાર્યું કે નિજ્જરની હત્યા માટે તેની ગેંગ જવાબદાર

ટોરોન્ટો,

કેનેડા સ્થિત ગેંગસ્ટર સતિન્દરજીત સિંહ, જે ગોલ્ડી બ્રાર તરીકે પ્રખ્યાત છે, તેણે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની જવાબદારી સ્વીકારી છે, દાવો કર્યો છે કે તે યુવાનોને ડ્રગ્સ અને માદક દ્રવ્યો વેચવા માટે બ્લેકમેલ કરી રહ્યો હતો, અને કહ્યું હતું કે દરેકને તેમના કૃત્યના પરિણામો ભોગવવા પડશે.

૧૮ જૂન, ૨૦૨૩ ના રોજ કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં સરેમાં એક ગુરુદ્વારાની બહાર હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. તેની હત્યાથી ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી કટોકટી સર્જાઈ હતી કારણ કે બાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય ગુપ્તચર એજન્સીઓ ખાલિસ્તાની આતંકવાદીની હત્યામાં સામેલ છે, જે આરોપ નવી દિલ્હી હંમેશા નકારે છે.

વાયરલ થયેલા ઓડિયોમાં, બ્રારને ખાલિસ્તાની આતંકવાદી પરમજીત સિંહ પમ્મા સાથે વાત કરતા સાંભળી શકાય છે. વાયરલ થયેલી કથિત ક્લિપમાં, બ્રારે સ્વીકાર્યું કે નિજ્જરની હત્યા માટે તેની ગેંગ જવાબદાર છે કારણ કે તે યુવાનોને ડ્રગ્સ વેચવા માટે દબાણ કરી રહ્યો હતો. બ્રાર, જે ઘણા કિસ્સાઓમાં ભારતમાં વોન્ટેડ છે, તેણે પમ્માને કહ્યું કે દરેકને તેમના કૃત્યોની કિંમત ચૂકવવી પડશે.

"જેઓ ૧૬ થી ૧૭ વર્ષના યુવાનોને ડ્રગ્સ વેચવા માટે ઉશ્કેરતા હતા... જેઓ યુવાનોને ડ્રગ્સ વેચવા અને બાતમીદાર બનવા માટે બ્લેકમેલ કરતા હતા... નિજ્જરે આ વ્યક્તિઓને ટેકો આપ્યો અને મજબૂત બનાવ્યો જેથી જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી શકે," બ્રારે કથિત ઓડિયો ક્લિપમાં કહ્યું. "તેથી જ અમે, મારી ટીમ અને મેં, નિજ્જરને મારવો પડ્યો, કારણ કે આ લોકો યુવાનોનો ડ્રગ્સ વેચવા માટે ઉપયોગ કરી રહ્યા હતા. દરેકને તેમના કાર્યોના પરિણામો ભોગવવા પડશે."

નિજ્જરની હત્યા અને ભારત-કેનેડા રાજદ્વારી કટોકટી

કેનેડાના ભૂતપૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આરોપ લગાવ્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારત સામેલ છે, પરંતુ નવી દિલ્હીએ તરત જ દાવાઓને ફગાવી દીધા હતા અને તેમને 'વાહિયાત' ગણાવ્યા હતા, જ્યારે કહ્યું હતું કે ખાલિસ્તાની આતંકવાદી આંતર-ગેંગ દુશ્મનાવટને કારણે માર્યો ગયો હતો. ભારતે કેનેડા પર તેની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપવાનો પણ આરોપ લગાવ્યો હતો, અને ઓટાવાને તેમની સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.આના કારણે બંને દેશો વચ્ચે સૌથી ખરાબ રાજદ્વારી કટોકટી સર્જાઈ હતી; જોકે, માર્ક કાર્ની કેનેડાના વડા પ્રધાન બન્યા પછી સંબંધોમાં આખરે સુધારો થયો.

# બગસરામાં અભણ લોકોના દસ્તાવેજ મેળવી બેંક એકાઉન્ટ ભાડે રાખી નાણાંકીય કૌભાંડનો કારસો

બગસરાઃ ભૂતકાળામાં અમરેલી જિલ્લામાં બાબરા અને સાવરકુંડલા પંથકમાં લોકોના બેંક એકાઉન્ટ ભાડે મેળવી સાયબર ફ્રોડના નાણાં મેળવવામાં તેનો ઉપયોગ કરાયાના કૌભાંડો બહાર આવી રહ્યા છે. ત્યારે હવે બગસરામાં લેભાગુ તત્વો અભણ લોકોના બેંક એકાઉન્ટ ભાડે મેળવવા આવો જ કારસો કરી રહ્યાનું કહેવાય છે.

હાલમાં બગસરા જૂની નગરપાલિકા વિસ્તારમાં કેટલાક લોકો આ માટે સક્રિય થયા છે. લેભાગુ તત્વો આ વિસ્તારના અભણ, ગરીબ અને નિરાધાર લોકોના આધારકાર્ડ સહિતના અગત્યના ડોંક્યુમેન્ટ એકઠા કરી રહ્યા છે. એવું કહેવાય છે કે આ દસ્તાવેજોનો ઉપયોગ તેમના નામે બેંક એકાઉન્ટ ખોલવામાં થઈ રહ્યો છે. બાદમાં આ ખાતાઓ ભાડે મેળવવા માટે કારસો રચાઈ રહ્યો છે. મોટાભાગે આવા ભાડાના ખાતાઓમાં ગેરકાયદે નાણાંની ટ્રાન્સફર થાય છે.

હાલમાં એવું કહેવાય રહ્યું છે કે આ બેંક ખાતાઓનો ઉપયોગ બોગસ બિલીંગમાં કરી જીએસટી રીફન્ડ મેળવવામાં તથા સાયબર ફ્રોડના નાણાંઓ ટ્રાન્સફર કરવા માટે થશે.

બાબરા અને સાવરકુંડલા પંથકમાં કૌભાંડ આચરાય ગયા બાદ તંત્ર જાગ્યું હતું. બગસરામાં આવું કોઈ મોટુ કૌભાંડ આકાર લે તે પહેલા તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી થાય તે આવશ્યક છે.

અગાઉ સાવરકુંડલામાં આવા બોગસ ખાતાના આધારે જીએસટી કૌભાંડ આચરાયું હતું અને જે વ્યક્તિનું ખાતુ હતું તેને જીએસટીની નોટીસ આવી ત્યારે છે ક પોતાના નામનું ખાતુ ખુલ્યાની અને બેનામી વ્યવહાર થયાની જાણ થઈ હતી.

# પાનસુરીયા બંધુ સહિત પરિવારના ૫ સભ્ય સામે વધુ એક ફરિયાદ, સુરેશ પાનસુરીયા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રહી ચૂક્યા છે

## સંસ્થા પાસેથી લીધેલી ૩૩.૯૬ કરોડની પ્રોજેક્ટ લોનમાં ગેરરીતિનો આક્ષેપ, શરતો પ્રમાણે પ્રોજેક્ટ પૂર્ણ ન કર્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃવડોદરામાં પાનસુરીયા બંધુની મુશ્કેલીમાં વધુ વધારો થયો છે. અગાઉ કરોડોની છેતરપિંડીના કેસને પગલે ચર્ચામાં આવેલા પાનસુરીયા પરિવારના પાંચ સભ્ય સામે ઠગાઈની વધુ એક ફરિયાદ હરણી પોલીસ મથકમાં નોંધાઈ છે. આરોપીઓએ એક નાણાકીય સંસ્થા પાસેથી પ્રોજેક્ટ લોન મેળવી, લોનની શરતોનો ભંગ કરી તેમજ પ્રોજેક્ટના યુનિટો અન્ય લોકોને વેચી અને બાનાખત કરીને રૂપિયા ૩૩.૯૬ કરોડ મોટી રકમ મેળવી ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે. જ્યારે સુરેશભાઈ પાનસુરીયા અગાઉ અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ રહી ચૂક્યા છે.

આરોપીઓમાં સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા, મનીષભાઈ ભાદાભાઈ પાનસુરીયા, પ્રવીણભાઈ ભાદાભાઈ પાનસુરીયા, કિશોરભાઈ ભાદાભાઈ પાનસુરીયા અને રવિ સુરેશભાઈ પાનસુરીયાનો સમાવેશ થાય છે. આરોપીઓએ ફરિયાદી સંસ્થા પાસેથી પ્રોજેક્ટ લોન મેળવી હતી અને લોનની શરતો મુજબ પ્રોજેક્ટ પૂર્ણ



કરવાની જવાબદારી હોવા છતાં પ્રોજેક્ટ પૂર્ણ ન કરી નાણાંનો અન્ય રીતે ઉપયોગ કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

આરોપીઓએ એકસંપ થઈ પૂર્વઆયોજિત કાવતરું રચી ફરિયાદી સંસ્થાની જાણ કે મંજૂરી વગર પ્રોજેક્ટના યુનિટો અન્ય લોકોને વેચ્યા હતા. ૩૦ ઓગસ્ટથી ૨૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન કુલ ૨૦ યુનિટના વેચાણ દસ્તાવેજો કર્યા હોવાનું તેમજ ૧૦૯ યુનિટના રજિસ્ટર્ડ બાનાખત કરી અન્ય લોકો પાસેથી મોટી રકમ મેળવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ રકમમાંથી કેટલીક રકમ પોતાના અંગત એકાઉન્ટમાં જમા કરાવી તેનો ઉપયોગ કર્યો હોવાનો પણ આક્ષેપ છે.

લોનના હપ્તાઓ ભરવાનું બંધ થયા બાદ ફરિયાદી સંસ્થા સાથેની નાણાકીય જવાબદારીનું પાલન ન કરી સંસ્થાને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં બાકી રહેલી મોટી રકમ અંગે પણ ઉલ્લેખ કરાયો છે. પાનસુરીયા બંધુ સામે અગાઉની ફરિયાદ બાદ હવે ફરી એકવાર હરણી પોલીસ મથકમાં નોંધાયેલી આ નવી ફરિયાદને કારણે સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસે ફરિયાદના આધારે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

### જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય દુધાત બગડ્યા

# લીલીયામાં દારૂ- રેતીચોરીનું દૂષણ બેફામઃ ગેરકાયદેસર રેતી ખનન

લીલીયાઃઅમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં ખુલ્લેઆમ ચાલી રહેલા દારૂના વેચાણ અને શેત્રુંજી નદીમાંથી થતા બેફામ ગેરકાયદેસર રેતી ખનન અંગે અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય વિપુલકુમાર મગનભાઈ દુધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લેખિતમાં રજૂઆત કરી છે.

તેમણે આક્ષેપ કર્યો છે કે આ તમામ ગેરકાયદે પ્રવૃત્તિઓ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની રહેમ નજર હેઠળ ચાલી રહી છે.

દારૂના કારણે ૮૦ જેટલા લોકોના મોતનો દાવો મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં કરાયો છે. લીલીયા શહેર તથા તાલુકાના ૩૭ ગામોમાં દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. વિપુલ દુધાતે દાવો કર્યો છે કે છેલ્લા પાંચ વર્ષમાં દારૂ પીવાના કારણે ૨૫ થી ૫૦ વર્ષની વયના અંદાજિત ૮૦ લોકોના અકાળે મોત થયા છે.

કમાનાર વ્યક્તિના મૃત્યુથી અનેક પરિવારોની વિધવા મહિલાઓ અને બાળકો નિરાધાર બન્યા છે. શેત્રુંજી નદીમાંથી રેતી ભરીને દોડતા અડફેટ વાહનોની અડફેટે પણ અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.

નિયમોનુસાર તપાસ કરી કાર્યવાહી કરવા માંગણી કરાઈ છે લીલીયા વિસ્તારમાં દારૂની ખાલી બોટલો અને કોથળીઓ ઠેર-ઠેર મળી રહી છે, જે રાજ્યની દારૂબંધીની નીતિના ધજાગરા ઉડાડે છે. અમરેલી એસપી સંજય ખરાત સામે કાયદાકીય તપાસ કરવાની માંગ કરી છે.

**સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવા માંગ**

રજૂઆતમાં જણાવાયું છે કે લીલીયા પોલીસ દ્વારા ભોરીંગડા-વેળાવદર ચોકડી, નાના લીલીયા ચોકડી, લીલીયા ઉમિયા સર્કલ અને અંટાળીયા મહાદેવ ચોકડી સહિતના વિવિધ પોઈન્ટ્સ પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ (ડિલીટ કે બંધ થાય તે પહેલાં) તપાસવામાં આવે તો ગેરકાયદેસર રેતી ખનનનું સત્ય બહાર આવી શકે તેમ છે.

# અમરેલીના કામનાથ મહાદેવ મંદિર પાસેનો ઠેબી નદીનો પુલ જર્જરીત થતાં બંધ કરાતા રોષ

## અમરેલી શહેર અને જેશીંગપરાને જોડતા પુલના સમારકામની વાહનચાલકોની માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ અમરેલી શહેર અને જેશીંગપરા વિસ્તારને જોડતા તેમજ પ્રાચીન કામનાથ મહાદેવ મંદિર અને કામનાથ સરોવર નજીક આવેલ ઠેબી નદી પર આવેલો નીચેનો પુલ જર્જરીત હાલતમાં હોવાથી તંત્ર દ્વારા અવર જવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. જોકે, પુલ બંધ કર્યાને ઘણો જ સમય વીતી જવા છતાં તેના રિપેરિંગ કે મજબૂતીકરણ માટે તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી હાથ ધરવામાં આવી ન હોવાના કારણે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.



અમરેલીમાં ઠેબી નદી પરનો આ પુલ અમરેલી શહેર અને જેશીંગપરા સહિત આસપાસના વિસ્તારોને જોડતો મહત્વનો માર્ગ છે. પુલ પરથી અવર જવર બંધ કરી દેવામાં આવતા જેશીંગપરા તથા આસપાસના વિસ્તારના રહેવાસીઓને પોતાના સ્થળે પહોંચવા માટે ફરજિયાત લાંબું ચક્કર મારવું પડી રહ્યુ છે. જેના કારણે વાહનચાલકો ઉપરાંત રાહદારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને હાલ શ્રાવણ માસ ચાલી રહ્યો હોવાથી કામનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. તેમજ કામનાથ સરોવર ખાતે પણ લોકો ફરવા માટે જતા હોય છે. આવી સ્થિતિમાં મંદિર અને સરોવર નજીકનો પુલ બંધ હોવાના કારણે દર્શનાર્થીઓ અને મુલાકાતીઓને પણ વધારાનો રસ્તો કાપી અને ઓવર બ્રિજ ઉપર થઈને ચાલવું પડે છે.

તંત્ર દ્વારા પુલની જર્જરીત સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરક્ષાની દ્રષ્ટિએ અવરજવર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ પુલનું રિપેરિંગ ક્યારે કરવામાં આવશે? તે અંગે કોઈ સ્પષ્ટ કાર્યવાહી જોવા મળતી નથી. જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકોમાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પુલનું યોગ્ય નિરીક્ષણ કરી તાત્કાલિક ધોરણે જરૂરી રિપેરિંગ અને મજબૂતી કરણની કામગીરી હાથ ધરવામાં આવે અને પુલને ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવે તેવી માંગ છે. તેમજ શ્રાવણ માસ દરમિયાન કામનાથ મહાદેવ મંદિર તરફ જતા શ્રદ્ધાળુઓની અવરજવર વધતી હોવાથી તંત્ર દ્વારા આ મુદ્દે તાત્કાલિક નિર્ણય લેવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

### રાત્રે રાહદારીઓ-વાહનચાલકો પરેશાન

# લાઠીમાં ગાગડીયા મેલડી માતાના મંદિરથી શિવમ વિદ્યાલય સુધીનો માર્ગ અંધારામાં

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃલાઠી શહેરમાં ગાગડીયા મેલડી માતાના મંદિરથી શિવમ વિદ્યાલય સુધીના માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રિના સમયે અંધારપટ છવાઈ રહ્યો છે. માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલા ઊભા કરવામાં આવ્યા હોવા છતાં લાઈટો બંધ રહેતી હોવાથી સ્થાનિકો તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



સ્થાનિકોએ જણાવ્યું હતું કે રાત્રિના સમયે માર્ગ પર પૂરતો પ્રકાશ ન હોવાથી વાહનચાલકો અને પગપાળા જતા લોકો માટે અવરજવર મુશ્કેલ બની રહી છે.

અંધારાના કારણે અકસ્માત કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવની શક્યતા પણ વધી રહી છે. સ્ટ્રીટ લાઈટની સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કાયમી નિરાકરણ આવ્યું નથી. જેના કારણે નગરપાલિકા તેમજ સંબંધિત કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

નગરપાલિકા તાત્કાલિક ધોરણે બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાવે અને સમગ્ર માર્ગ પર યોગ્ય પ્રકાશ વ્યવસ્થા સુનિશ્ચિત કરે તેવી લોક માંગ ઉઠી હતી. પોલ ઊભા કર્યા છતાં લાઈટો બંધ.

# વિકટરમાં મીઠા ઉદ્યોગ માટે ખાનગી કંપનીને આપેલી જમીનમાં હવે કેમિકલ ઉદ્યોગ ચાલશે

## ગામડાના ભૂતળ નીચા ગયા : આગેવાનો દ્વારા તપાસની માંગ

રાજુલાઃ રાજુલા તાલુકાના વિકટર ગામે મીઠા ઉદ્યોગ માટે જીએચસીએલ કંપનીને ૫૦૦૦ એકર જેટલી જમીન અપાઈ છે. પરંતુ હવે તેમાં કેમિકલ ઉદ્યોગ પણ શરૂ થવા જઈ રહ્યો હોય શરત ભંગ અંગે તથા કંપની દ્વારા કરાતા ઉંડા ઉંડા બોર અંગે તપાસની માંગ ઉઠી છે.

ગુજરાત સરકાર દ્વારા મીઠાના ઉત્પાદન માટે જીએચસીએલ કંપનીને મોટા પ્રમાણમાં જમીન ફાળવાઈ હતી. પરંતુ હવે આ જમીન પર રૂપિયા ૧૦૦ કરોડ જેવા ખર્ચે કેમિકલ પ્લાન્ટનું કામ ચાલી રહ્યું છે. વિકટરના આગેવાન રણછોડભાઈ બાંભણીયાએ આ અંગે અવાજ ઉઠાવ્યો છે. આ ફેકટરી માટે અત્યાર સુધીમાં ૫૦૦થી ૮૦૦ ફૂટની ઉંડાઈના ૨૦૦થી વધુ બોર બનાવવામાં આવ્યા છે અને રોજ ૨૦ થી ૨૫ લાખ લીટર ભૂગર્ભ જળ ખેંચવામાં આવી રહ્યું છે. કંપનીના પ્લાન્ટ મુજબ હજુ આવા ૩૦૦થી વધુ બોર બનાવવાના બાકી છે.

આ વિસ્તારના રામપરા, કથીવદર, ચાંચ, ખેરા સહિતના ૧૫ જેટલા ગામોના ભૂતળ આના કારણે નીચા ગયા છે. મશીનથી મીઠાનું ઉત્પાદન થતા હજારો અગરીયા પરિવાર પણ બેકાર બની રહ્યા છે. રણછોડભાઈએ કંપની દ્વારા વપરાતુ સીએસઆર ફંડ પણ અન્ય જગ્યાએ વપરાતું હોવાનો આક્ષેપ કરી તપાસની માંગ કરી છે.

# બાબરાથી લીલવાડા—વાંકીયા રોડ બિસ્માર: "આપ'નું તંત્રને ૮ દિ'નું અલ્ટીમેટમ

બાબરાઃ બાબરા તાલુકાના લીલવાડાથી વાંકીયા સુધીનો માર્ગ લાંબા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો હાલાકીનો સામનો કરી રહ્યા છે. માર્ગ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. તેમજ રસ્તાની સપાટી તૂટી જતાં ઉબડખાબડ બની ગઈ છે. જેના કારણે અકસ્માતનો ભય પણ સતત સતાવી રહ્યો છે.



રસ્તાની સમસ્યાની રજૂઆત માટે આમ આદમી પાર્ટીના આગેવાન જે.ડી. કથીરીયા સહિત પાર્ટીના આગેવાનો અને કાર્યકરો સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે સમગ્ર માર્ગનું નિરીક્ષણ કરી રોડની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ દરમિયાન રોડની દયનીય સ્થિતિ રજુ કરી હતી.

આમ આદમી પાર્ટીએ તંત્ર અને અધિકારીઓને આઠ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું.આઠ દિવસની અંદર બાબરા—લીલવાડા—વાંકીયા રોડનું યોગ્ય રીતે રિ-સરફેસિંગ અથવા જરૂરી રિપેરિંગ કરવામાં નહીં આવે તો સ્થાનિકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

# અમરેલીમાં જૂની અદાવતે લાકડી મારી સિવિલ એન્જિનિયરનો હાથ ભાંગ્યો

અમરેલીઃ અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામના જનકભાઈ કિશોરભાઈ ભાસ્કર (ઉં.વ.૨૭) વ્યવસાયે સિવિલ એન્જિનિયર અને સરકારી કોન્ટ્રાક્ટર ગઈ કાલે સાંજે ૬થી ૬:૧૫ વાગ્યા દરમિયાન કપડાની દુકાનમાંથી ખરીદી કરી મોટરસાયકલ પર લાયબ્રેરી રોડ પરથી પસાર થઈ રહ્યા હોય ત્યારે લાલો રમેશભાઈ મકવાણા નામનો શખ્સ કાળા રંગની કારમાં ત્યાં આવ્યો હતો.

અને જનકભાઈ વિરુદ્ધ અગાઉ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થયેલી અને તે એફઆઈઆર રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરાયેલી હોવાની અદાવત રાખી શખસે તેઓને રસ્તામાં રોકી ગાળો આપી લાફા માર્યા હતા.

કારમાંથી લાકડી કાઢી હુમલો કર્યો હતો. લાકડીનો પ્રથમ ઘા મોટરસાયકલ પર વાગ્યો હોય જીવ બચાવવા ભાગતા શખસે પીછો કરી માથામાં લાકડીનો ઘા મારતાં ગંભીર ઈજા પહોંચાડી, આજે તો તું બચી ગયો, પણ હવે તું મળીશ તો જીવતો નહીં રહે કહી મારી નાખવાની ધમકી આપી પણ આપી હતી.

# ચલાલાની મારુતિ સોસા.માં દીપડો પાંજરે પુરાયો

## બિલાડી-સસલાનો શિકાર કર્યો હતો, સ્થાનિકોમાં ભય હતો

અમરેલીઃ ધારી તાલુકાના ચલાલા શહેરની મારુતિ સોસાયટી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ભયનો માહોલ સર્જનાર દીપડો આજે વહેલી સવારે પાંજરે પુરાયો છે. દીપડો પકડાતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર જોવા મળતી હતી, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ હતો. બે દિવસ અગાઉ આ દીપડાએ એક બિલાડી અને એક સસલાનો શિકાર કર્યો હતો. આ ઘટનાની જાણ સ્થાનિક લોકો દ્વારા ચલાલા નગર પાલિકાના પ્રમુખ જયરાજ વાળાને કરવામાં આવી હતી. નગરપાલિકા પ્રમુખે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.

વન વિભાગની ટીમે દીપડાને પકડવા માટે અલગ-અલગ વિસ્તારોમાં પાંજરા ગોઠવી સતત નજર રાખી હતી. આજે રવિવારે વહેલી સવારે દીપડો ગોઠવેલા પાંજરામાં પુરાઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાતા મારુતિ સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં છવાયેલો ભયનો માહોલ હળવો થયો છે.

# બીજા સોમવારે સોમનાથ મંદિરમાં ભક્તોનો મહાસાગર છલકાયો





## વહેલી સવારથી દર્શન માટે લાઈનો લાગી; 'હર હર ભોલે'ના નાદથી મંદિર પરિસર ગુંજ્યું

ગીર સોમનાથઃ પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે દેશના પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે ૩ વાગ્યાથી જ દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા છે, દેશ-વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી છે.

સોમનાથ મહાદેવની પ્રથમ મહાપૂજા અને પ્રાતઃ આરતી કરાઈ હતી. આ ઉપરાંત, શિવજીની વિશેષ પાલખીયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાં 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલેનાથ'ના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બન્યું છે.

ભક્તોની ભારે ભીડને લઈ જિલ્લા પોલીસ તંત્ર પણ રાત્રીથી જ એલર્ટ મોડમાં આવી ગયું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા સહિતના અધિકારીઓએ સોમનાથ મંદિર ખાતે પહોંચી સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. દર્શનાર્થીઓને કોઈ અગવડતા ન પડે તે માટે સુરક્ષા, ટ્રાફિક અને દર્શન વ્યવસ્થાની ખાસ ગોઠવણી કરવામાં આવી છે. શ્રાવણના સોમવારે સોમનાથમાં 'હર હર મહાદેવ'ના નાદ સાથે ભક્તિમય માહોલ છવાયો છે.

યાત્રિકોની સુવિધા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ, વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સિનિયર સિટીઝન અને દિવ્યાંગ યાત્રિકો માટે નિઃશુલ્ક કાર, વ્હીલચેર અને મંદિર પરિસરમાં લિફ્ટની સુવિધા પણ કરવામાં આવી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહપરિવાર સાથે સોમનાથ મહાદેવના દર્શનાર્થે પધાર્યા છે.

સોમનાથ મંદિરના પાર્કિંગથી મંદિર સુધીનું આશરે ૭૦૦ મીટરનું અંતર હોવાથી, ટુરિઝમ વિભાગના સહયોગથી નિઃશુલ્ક ડેમો ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ટ્રેન દ્વારા યાત્રિકોને સતત મંદિર સુધી લાવવા-લઈ જવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

# અમરેલીમાં 'સુરક્ષા કવચ' એપનો સેમિનાર

## ૧,૮૮૮ મજૂર-કારીગરોની નોંધણી કરાઈ, ગુના નિયંત્રણનો હેતુ




અમરેલીઃઅમરેલી જિલ્લા પોલીસે કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે એક અનોખી પહેલ કરી છે. જિલ્લાના કુલ ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 'અમરેલી સુરક્ષા કવચ' ડિજિટલ એપ્લિકેશન અંગે વ્યાપક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ૧,૮૮૮ મજૂરો અને કારીગરોને માર્ગદર્શન આપી સ્થળ પર જ એપમાં તેમની નોંધણી કરવામાં આવી હતી.

અમરેલી જી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલી આ એપનો મુખ્ય હેતુ અન્ય જિલ્લાઓ તેમજ અન્ય રાજ્યોમાંથી કામ માટે આવતા મજૂરો અને કારીગરોની માહિતી ડિજિટલ રીતે એકત્રિત કરવાનો છે. પોલીસના જણાવ્યા મુજબ, આ માહિતીના આધારે સંભવિત ગુનાઓને રોકવામાં તેમજ ગુનાની ઘટનામાં ઝડપી તપાસ કરવામાં મદદ મળશે.

આ સેમિનાર અમરેલી શહેરથી લઈને ડુંગર સુધી જિલ્લાના ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં વિવિધ ગામો અને સ્થળોએ યોજાયા હતા. જેમાં અમરેલી શહેર, અમરેલી રૂરલ, લાઠી, લીલીયા, દામનગર, બગસરા, વડીયા, સાવરકુંડલા શહેર અને રૂરલ, વંડા, ચલાલા, ધારી, ખાંભા, રાજુલા, પીપાવાવ, નાગેશ્રી, જાફરાબાદ તાલુકા, જાફરાબાદ મરીન અને ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારનો સમાવેશ થાય છે.

પોલીસ દ્વારા નોંધણી દરમિયાન મજૂરો અને કારીગરોની મહત્વપૂર્ણ વિગતો ઓનલાઈન અપલોડ કરવામાં આવી રહી છે. આમાં માલિકની વિગતો અને જરૂરી દસ્તાવેજો, મજૂર અગાઉ ક્યાં કામ કરતો હતો અને કોના રેફરન્સથી હાલના કામે આવ્યો છે તેની માહિતી, મજૂરનું મૂળ વતન અને ત્યાંના પોલીસ સ્ટેશનની વિગતો, પરિવારની માહિતી અને સંબંધિત દસ્તાવેજો, આધાર કાર્ડ, વાહનની વિગતો અને બેંક સંબંધિત માહિતી, હાલનું રહેઠાણ અને તેના પુરાવા તેમજ હાલ તથા અગાઉ કામ કરેલા મજૂરોનો સંપૂર્ણ રેકોર્ડ શામેલ છે.

સેમિનારમાં પોલીસ અધિકારીઓએ CCTV કેમેરા સ્થાપિત કરવાની જરૂરિયાત અને તેના ફાયદાઓ અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી. પોલીસનું માનવું છે કે ડિજિટલ નોંધણી અને CCTV નેટવર્ક દ્વારા જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને જનતા, ખેડૂતો તેમજ ઉદ્યોગકારોમાં વિશ્વાસ અને સલામતીની ભાવના વધશે.

અમરેલી જિલ્લા પોલીસે તમામ નાગરિકો, ખેડૂત ભાઈઓ, ઉદ્યોગકારો અને સંસ્થાઓને અપીલ કરી છે કે, તેઓ તેમના વિસ્તારમાં કામ કરતા મજૂરો અને કારીગરોની માહિતી 'અમરેલી સુરક્ષા કવચ' એપ્લિકેશનમાં નોંધાવી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહકાર આપે.